ગુરૂદેવ શ્રી યોગેશ્વરજીના પાવન ચરણે

# અર્ઘ્ય



## - મા સર્વેશ્વરી

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન

### All rights reserved by Author

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


☼ ☼ ☼ ☼ ☼


E-Book

| | |
|---|---|
| Title | : Arghya |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 115 |
| Created | : September 11th 2007. |

## આવકાર

પરમાત્માનો પવિત્રતમ પ્રખર પ્રેમ કાંઈ સૌ કોઈના પ્રાણમાં પ્રાકટ્ય પામે છે ? ભક્ત કવિ દયારામની પેલી પ્રસિદ્ધ પંક્તિમાં ઠીક જ કહેવાયું છે કે 'જે કોઈ પ્રેમ અંશ અવતરે પ્રેમરસ તેના ઉરમાં ઠરે.'

પ્રાતઃસ્મરણીય પરમ કૃપાપાત્ર દેવર્ષિ નારદે ભક્તિદર્શનમાં જણાવ્યું છે કે 'પ્રકાશતે ક્વાપિ પાત્રે' - પરમાત્માનો પ્રેમ કે ભક્તિભાવ કોઈક વિરલ આત્મામાં જ પ્રકટે છે.

શાસ્ત્રો તથા સંતો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે જેમનાં અંતઃકરણ નિર્મળ થયા હોય, દુન્યવી આકર્ષણો ઓસર્યા હોય, જેમના વિવેક, વૈરાગ્ય તથા શમદમ સુદૃઢતા પર પહોંચ્યા હોય, અને જેમને જીવનમાં પરમાત્માને પામવાની જ કામના હોય, તેવા વિરલ આત્માઓ પરમાત્માની પ્રેમભક્તિથી સંપન્ન બનીને પરમાત્માને માટે જીવતા થાય છે. એ પરમાત્માના પ્રેમજગતમાં જ જીવે છે. એમને માટે પરમાત્માનું સ્મરણ-મનન, નિદિધ્યાસન સહજ બની જાય છે. એ પરમાત્માના પ્રેમરંગે રંગાય છે ને પરમાત્માને માટે જ શ્વાસ લે છે. પ્રસ્તુત ગીતસંગ્રહ 'અર્ધ્ય'ના રચયીતા શ્રી સર્વેશ્વરી એવાં જ વિરલ-અતિવિરલ પરમાત્માનાં રંગે રંગાયેલા પરમાત્મામાં જ જીવનારાં, અસાધારણ આત્મા છે. 'અર્ધ્ય' એમનો પ્રથમ કાવ્યસંગ્રહ છે, અને એના નામ પ્રમાણે જ પરમાત્માને જુદા જુદા ઢાળ અને ભાવથી અપાયેલો અનુરાગનો અસાધારણ અર્ધ્ય છે. એનો આસ્વાદ અનેરો છે. એને આવકારતાં આનંદ થાય છે.

જીવન તથા કવનને સર્વથા છૂટાં પાડવાનું કામ કઠીન છે. અન્ન તેવા ઓડકારની ઉક્તિની પેઠે જીવન અને કવનનો સંબંધ અતૂટ હોય છે. જેવું જીવન તેવું જ કાંઈક અંશે કવન. કવનમાં કવિતા રચનાર આત્માના જીવનનો પ્રતિઘોષ પડે છે. નરસિંહ, મીરાં, અખા, તુલસીદાસ, તુકારામનાં સંબંધમાં એ સાચું ઠરે છે. કવિતામાં એમના જીવનધબકાર સંભળાય છે. એમનાં કાવ્યોમાં એમની અનુભૂતિ, ભગવદભક્તિ, વિચારસરણી જોવા મળે છે. સર્વેશ્વરીના સંબંધમાં પણ એ સાચું છે. 'અર્ધ્ય'માં રજૂ થયેલા એમનાં ગીતમાં એમની સરળતા, વેધકતા, સચોટતા, ભગવદ્ ભાવના અને આધ્યાત્મિક અનુભૂતિઓની અભિવ્યક્તિ થયેલી જોવા મળે છે. પ્રખ્યાત ભક્તકવિઓની કવિતા એમની જીવનસાધનાના અર્કરૂપે હતી તેમ સર્વેશ્વરીની કવિતામાં એમની આધ્યાત્મિકતા, સાધના અથવા આરાધના પ્રતિબિંબિત થાય છે. ગીતો એમની આધ્યાત્મિક સાધનાના ક્રમિક વિકાસરૂપે આપોઆપ પ્રકટ્યાં છે. કોઈ સાધક પરમાત્માને પામવા માટે જપનો આશ્રય લે તો કોઈ વ્રત કે

તપનો, કોઈ ધ્યાનનો તો કોઈ આત્મવિચારનો, એમ એમણે એ સૌ સાધનોની સાથેસાથે મુખ્યત્વે પ્રેમલક્ષણા ભક્તિનો આધાર લીધો છે અને ગીતોના માધ્યમ દ્વારા એને વહેતી કરી છે. પ્રેમ પરમાત્માની પાસે પહોંચવાનું એક અમોઘ અક્સીર સાધન છે. એમણે પ્રેમ દ્વારા એમની કૃપાની કામના કરી છે.

સર્વેશ્વરીએ જીવ્યું તેવું જ ગાયું છે, અને ગાયું તેવું જ જીવી બતાવ્યું છે. એને લીધે એમનાં ગીતોમાં સહજતા કે નૈસર્ગિકતા છે. શબ્દોના વ્યર્થ આડંબર, ભાષાની ભભક, ક્લિષ્ટતાનું દર્શન એમાં નથી થતું. એમનો આસ્વાદ લેનારા પર એ ધારેલી અસર ઉપજાવે છે. એમનાં ગીતોના શ્રવણમનનથી અનેક અધ્યાત્મરંગી પરમાત્મપ્રેમી આત્માઓને પ્રેરણા મળી છે. એમના સુષુપ્ત આત્મીક સંસ્કારો સળવળી ઊઠ્યાં છે ને બળવાન બન્યાં છે. એવા આત્માઓ તરફથી ગીતોની પ્રસિદ્ધિ માટે અવારનવાર એકધારો આગ્રહ થયા કરતો. એ આગ્રહને અનુલક્ષીને આ સંગ્રહનું પ્રકાશન શક્ય બન્યું છે.

'અર્ઘ્ય'નાં ગીતોમાં સર્વેશ્વરીના જીવનની, એમના પરમાત્મપ્રેમી કાળજાની કથા વણાયેલી છે. એમનો આસ્વાદ આનંદદાયક છે.

આધ્યાત્મિક વિકાસની સાધનામાં સદગુરૂનું સ્થાન ખૂબ જ મહત્વનું મનાય છે. સાધનામાં એક તબક્કો એવો આવે છે કે જ્યારે સદગુરૂ પૂર્વસંસ્કારોના અનુસંધાનમાં, ઈશ્વરની કૃપાથી આપોઆપ મળે છે. સદગુરૂનું મંગળ માર્ગદર્શન શ્રેયાર્થીને માટે મહામૂલ્યવાન ને મદદરૂપ થઈ પડે છે. સદગુરૂનાં શ્રીચરણોમાં પ્રેમ વધતો જાય છે, શ્રદ્ધા બળવાન તથા અચળ બને છે અને આગળ પર સદગુરૂ તથા ઈશ્વરમાં ભેદ રહેતો નથી. ગુરૂ ગોવિંદ એક-રૂપ લાગે છે. સાધકની આ અવસ્થા અતિવિરલ અને ધન્ય હોય છે. શ્રી સર્વેશ્વરીના સાધનાત્મક જીવનમાં એ વસ્તુ વણાઈ ગઈ છે. એમની સાધના સાથે એ અનુભૂતિ ઓતપ્રોત થઈ છે. એની પ્રતીતિ કરાવતાં કાવ્યો આ સંગ્રહમાં અનેક ઠેકાણે જોવા મળે છે. એમની અંદર રજૂ થયેલા ભાવો વૈવિધ્યપૂર્ણ અને રસમય હોવાથી પુનરુક્તિ દોષથી સર્વથા મુક્ત છે. એમને વારંવાર વાગોળવાનું મન થાય છે. સદગુરૂના મહિમાને પ્રદર્શાવતાં એમનાં ગીતોમાં 'ગુરૂજી અમે તો', 'વરદ હસ્ત', 'યોગેશ્વર માવડી', 'પ્રાર્થના', 'ગોવિંદરૂપે ગુરૂ', 'વંદના', 'એક અરજી', 'વિધવિધ રૂપે', 'બલિહારી', 'મોહન મેં દીઠો', 'સાહેલી મેં દીઠી', 'જીવન વાટ', 'ગુરૂદેવ પ્રભુને', 'જીવનનૌકા સોંપી', 'ગુરૂદેવ યોગેશ્વર પ્રભુ', 'ગુરૂદેવને અરજ', 'આરતી' ઉલ્લેખનીય છે. એ ગીતોમાં એમની સદગુરૂ પ્રત્યેની વિશિષ્ટ શ્રદ્ધાભક્તિ, પ્રીતિ, દૃષ્ટિ તથા સમર્પણ ભાવના જોવા મળે છે. સદગુરૂની સાથેનો સંબંધ બહુવિધ હોય છે, શરણાગત શિષ્ય એમને જુદી

જુદી રીતે જુએ છે. સંતશિરોમણી શ્રી જ્ઞાનેશ્વર મહારાજે જ્ઞાનેશ્વરી ગીતામાં પોતાના સદગુરૂ નિવૃતિનાથને માતા કહી સંબોધ્યા છે. માતાનો શબ્દપ્રયોગ મમત્વ દર્શાવવાની સાથે સાથે નિર્મળતા તથા પ્રગાઢ ભાવમયતાને દર્શાવે છે. સહજ સ્નેહ તથા શ્રદ્ધાભક્તિથી ભરપૂર સર્વેશ્વરી પણ પોતાના સદગુરૂને માવડી કહીને સંબોધે છે.

**'યોગેશ્વર માવડી રે જનમોજનમની,**
**વસમા વિયોગને વિતાવી દે માડી;**
**વ્હાલની વર્ષા વરસાવી,**
**અંકે લે સમાવી.'**

કેટલી બધી હૃદયસ્પર્શી સુંદર ભાવના છે. સ્વાનુભૂતિના સર્વોચ્ચ શિખરે બિરાજીને સર્વેશ્વરી પોતાના અંતરના આનંદની અનાયાસે અભિવ્યક્તિ કરતાં ગાય છે કેઃ

**'મને ગોવિંદરૂપે ગુરૂજી મળ્યા,**
**જેથી જનમમરણના ફેરા ટળ્યા.'**

સદગુરૂના દર્શનથી ભાવવિભોર બનીને એમણે ગાયું છે :

**'દિવ્યલોકથી આવી ઊભા,**
**પ્રભુ યોગેશ્વર રૂપમાં...**
**જીવનકેરા સર્જક શાશ્વત સંરક્ષક શિરતાજ છો,**
**કામક્રોધની વૃત્તિઓના સંહારક પ્રભુ આપ છો.**
**રાતદિવસની સતત ઝંખના પૂર્ણ બનાવો માત હે,**
**દિવ્યરૂપનું દર્શન આપી ધન્યતા ધરો પ્રાણને.'**

સર્વેશ્વરીએ લખવાને ખાતર નથી લખ્યું, લખવું પડ્યું માટે લખ્યું છે, ગાવું પડ્યું માટે ગાયું છે. એ કવિયત્રી તો છે જ કિન્તુ તપસ્વિની પણ છે. જન્મજાત યોગિની છે. પરમાત્માની પરમકૃપાપાત્ર સિધ્ધેશ્વરી છે, છતાં ભક્તસહજ નમ્રતાથી જણાવે છે.

**મારાં પાપતાપ નિવારજો, પ્રભુ વરદ હસ્તે વધાવજો,**
**આ જીવ શરણે આજ આવ્યો, અનુગ્રહે ઉદ્ધારજો .... ગુરૂદેવ**
**સર્વે દિશાએ પ્રભુ મને, આદર થકી અપનાવજો.**
**શ્રધ્ધા ને ભક્તિભાવ ભરતાં, પાત્ર પૂર્ણ બનાવજો .... ગુરૂદેવ**

અધ્યાત્મ પંથના પ્રવાસીએ સદગુરૂ અને પરમાત્મા પ્રત્યેના પ્રબળ પ્રેમથી સંપન્ન થવું પડે છે. પ્રેમ આધ્યાત્મિક સાધનાનો પ્રાણ છે. એના સિવાય સાધકનો પ્રવાસ સુચારુરૂપે આગળ વધી શકે નહીં અને પરિપૂર્ણતા પર પણ ના પહોંચે.

'અર્ઘ્ય'માં એ પ્રેમની ઝાંખી થાય છે.

'જોગણ જુએ વાટડી'નો પ્રેમભાવ કેટલો પ્રબળ છે ?

**અરે કોઈ શ્યામલ જોગીને જઈ કહેજો રે,**
**જોગણ જુએ વાટડી...જી.**
**રાતદિવસ એ તો રાહ જુએ તારી રે,**
**જપતી ને ભજતી બેઠી છે એકાંતે ... જોગણ જુએ.**
**અણુએ અણુમાં અનુરાગ જગાડ્યો તેં,**
**વિરહની વ્યથામાં વીતે દિનરાત રે ... જોગણ જુએ.**

----

**મને વ્હાલું લાગે રે શ્યામસુંદર તારું મુખડું,**
**દર્શન પામીને દુઃખ જાય રે.**
**મીઠી મધઝરતી વાંસલડી વગાડજે મારા નાથ,**
**જીવનમાં સંગીત પ્રકટાવવા આવજે મારા શ્યામ.**
**રે ... તારા દૈવી સૂર રેલાવ રે ... મને.**

'શ્યામલ ગિરધારી' ગીતમાં-

**દિવ્ય દેહ ધરીને આવો, વાંસલડી મિષ્ટ વગાડો,**
**મારી સાથે આવી વિરાજો રે ... શ્યામલ ગિરધારી.'**

એ ઉપરાંત 'પ્રેમદીવાની બનાવો', 'આમંત્રણ', 'વ્યથા', 'રટું છું તારું નામ', 'હે રસેશ્વર', 'દર્શનની ઝંખના', 'સ્નેહનો સાદ', 'પ્રેમના રંગે', 'હીંચકે ઝુલવા', 'મને તારે શરણે' તથા 'માંગણી' ગીતોમાં પ્રભુના પ્રબળતમ પ્રેમના પ્રતિઘોષ પડેલા છે.

એવા પ્રેમથી પ્રેરાઈને સાધક સર્વસમર્પણ કરે છે. કર્યા વિના રહી શકતો નથી. એનો આનંદ અજબ હોય છે. 'ઝૂકાવ્યું જીવન' અને 'પીયૂષની પ્યાલી' જેવા ગીતોમાં એની ઝલક જોવા મળે છે. સર્વેશ્વરીના જીવનમાં સર્વત્યાગની જે ક્ષણ આવી એને એમણે સહર્ષ સમજપૂર્વક વધાવી લીધી. એમના જેવા અસામાન્ય આત્માઓ જ એવી ક્ષણને વધાવીને જીવનનું સાચું શ્રેય સાધી શકે.

એને માટે જે નીડરતા, હિંમત, નિષ્ઠા તથા લોકાપવાદને ગૌણ ગણવાની ભાવના જોઈએ એ એમના ગીતોમાં જોવા મળે છે. અને અંતર એમને માટે આદરભાવ અનુભવે છે. એમણે સર કરેલા સાધનાનાં સર્વશ્રેષ્ઠ સોપાનોનો ખ્યાલ આવે છે.

'ઝૂકાવ્યું જીવન'માં એ એમના મનોભાવોને વાચા આપતાં લખે છે :

**ચિંતા ચતુરાઈને મેલી, સંસારની વાતો ઠેલી,**
**બની છું પ્રભુપ્રેમે ઘેલી રે....પ્રભુજીના પંથે.**
**નિંદા ટીકા ભલે થાયે, સ્વજનો યે છોડી જાયે,**
**જે થવાનું હોય તે થાયે રે...પ્રભુજીના પંથે.**

અને 'પીયૂષની પ્યાલી 'માં લખે છે :

**બંધન તોડાવીને સેવા સ્વીકારી,**
**ગુરૂ ગોવિંદપદે રાખી, બનાવી બડભાગી,**
**પીયૂષની પ્યાલી રે ...પ્રભુજીએ પાઈ.**

સુંદર અનોખા ભાવોની અભિવ્યક્તિ માટે :

**બંધ બારણે ટકોરા મારે તો**
**શ્યામ તને સાચો ગણું.**

'હે રસેશ્વર', 'સ્નેહનો સાદ', 'વિધવિધ રૂપે', 'મોહન મેં દીઠો', 'હીંચકે ઝૂલવા', 'કાનને' જેવાં ગીતો વિશેષ ઉલ્લેખનીય છે. એ ગીતોમાં ભાવોની વિવિધતા તથા ભાષાની મૌલિકતા દેખાય છે.

બાળપણમાં સંસ્કારોનું સિંચન કરનારાં પોતાના માતાપિતાને પણ અંજલિ અપાઈ છે.

સંક્ષેપમાં કહીએ તો ગીતોનો આ આખોયે સંગ્રહ અનેક રીતે અવનવો અને આસ્વાદ્ય બન્યો છે. એ અનેક હેતાળ હૈયાને ગાતાં કરશે ને પ્રેરણા તથા જીવન ધરશે. એને આવકારતાં આનંદ થાય છે. ભવિષ્યમાં આવાં બીજા ગીતોની એમની પાસેથી આપણે આશા રાખીએ એ અસ્થાને નથી. આપણે એમને કહીએ કે તમારે માટે નહીં તો અમારે માટે પણ લખજો. જરૂર લખજો. તમારું લેખન અનેકને માટે આશીર્વાદરૂપ ઠરશે, અનેકને પ્રેરણા ધરશે.

-યોગેશ્વર

૭-૧-૧૯૮૧ વડોદરા.

☼ ☼ ☼ ☼

# નિવેદન

પ્રભુપંથે જેમ જેમ આગળ વધવાની પ્રેરણા મળતી ગઈ અને એ પંથે અવનવા અનુભવો થતા ગયા તેમ તેમ પ્રભુકૃપાથી અંતરમાંથી ગીતની ગંગા પણ આપોઆપ વહેવા લાગી. ૧૯૭૩થી ગીતોને લખવાનું ને ગાવાનું મારે માટે સહજ બની ગયું. ગીતો જીવનની સાધનાના માર્ગે મદદરૂપ થયા. એ ગીતોએ મને પ્રકાશ ધર્યો, પ્રેરણા પૂરી પાડી. એવાં કેટલાંક ગીતો આ સંગ્રહમાં રજૂ કરતાં મને અવનવી લાગણી થાય છે. અવનવી એટલા માટે કે આ મારો પ્રથમ ગીતસંગ્રહ છે. અને તેને મેં પ્રસિદ્ધિ માટે નહીં પરંતુ મારા આત્મસંતોષ માટે તૈયાર કર્યો હતો. કોઈને તેમાંથી મદદ મળશે તો મને આનંદ થશે અને આ પ્રકાશન સાર્થક નીવડશે.

પૂ. શ્રી યોગેશ્વરજીની કૃપાથી જ મારાથી પ્રભુપંથે પ્રયાણ થઈ શક્યું. પ્રભુપંથે આગળ વધતાં એઓશ્રીની સુક્ષ્મ અને દિવ્ય સહાય પણ મળતી રહી. એઓની દિવ્ય પ્રેરણાથી જ મારામાં ગીતોના સર્જનની શક્તિનું પ્રાગટ્ય થયું છે. આ જીવન જ એમની સર્વશ્રેષ્ઠ કૃપાનું પરિણામ છે. એઓશ્રીએ જ સતત ઉત્સાહ પ્રદાન કરીને મારી અલ્પ શક્તિ ને અલ્પ ભક્તિને બિરદાવી છે. એઓશ્રીના પવિત્ર શ્રીચરણોમાં આ પ્રકાશનના પવિત્ર પુણ્ય પ્રસંગે પ્રેમપૂર્વક પ્રણામ કરું છું.

'અર્ઘ્ય'ની આ પ્રસાદી ગુણગ્રાહી ભક્તોના આતમ દીવડાને પ્રજ્વલિત કરી તેમનું શ્રેય સાધવામાં સહાયભૂત થાઓ એ જ અભ્યર્થના !

- સર્વેશ્વરી

☼ ☼ ☼ ☼

## અનુક્રમણિકા


1. પ્રણામ
2. ગુરુજી અમે તો
3. વરદ હસ્ત
4. બંધ બારણે
5. યોગેશ્વર માવડી
6. પ્રાર્થના
7. જોગણ જુએ વાટડી
8. વ્હાલું લાગે રે
9. ભાવના
10. શ્યામલ ગિરિધારી
11. પ્રેમદિવાની બનાવો
12. ગોવિંદરૂપે ગુરુજી
13. ઝૂકાવ્યું જીવન
14. વંદના
15. રટું છું તારું નામ
16. એક અરજી
17. સથવારો
18. મોહન ગિરિધારી
19. મનમંદિરમાં આમંત્રણ
20. હે રસેશ્વર
21. પીયૂષની પ્યાલી
22. દર્શનની ઝંખના
23. આમંત્રણ
24. વિધવિધ રૂપે
25. આવ્યો મોહન
26. આવોને મંદિરિયે
27. સ્વીકાર
28. બલિહારી
29. સારથિ બનીને
30. મોહન મેં દીઠો રે
31. પ્રેમના રંગે
32. હીંચકે ઝૂલવા
33. કા'નને
34. રામ તમે
35. મારો સ્વજન બન્યો
36. સાહેલી મેં દીઠી
37. જીવન વાટે
38. સાચો મિત્ર
39. ગોપાલને
40. ગુરૂદેવ પ્રભુને
41. જીવનનૌકા સોંપી
42. અરજ
43. લેને તારે શરણે
44. સમર્પિત જીવન
45. વિનતિ
46. માગણી
47. ગુરુદેવ યોગેશ્વર પ્રભુ
48. વ્યથા
49. ગુરદેવને અરજ
50. સ્નેહનો સાદ
51. આરતી


☼ ☼ ☼ ☼

### ૧. પ્રણામ

કુદરતને ખોળે જન્મીને કુદરતમય જીવન ગાળ્યું,
માનવતાનાં મૂલ્યો માટે વિતાવ્યું જીવન સારું;
પવિત્ર જીવન જીવનારાં હે માતતાતને નમન કરું,
અર્પો આશીર્વાદ અહર્નિશ એ જ ભાવના હૃદય ધરું.

શૈશવમાં રામાયણરસની લ્હાણ ધરી સપ્રેમ મને,
પ્રાર્થના તણો પ્રેમ જગાવ્યો આરંભમહીં પૂર્ણપણે;
શ્લોકો તેમજ મંત્રો શીખવ્યા પ્રાતઃસ્મરણ તણા ત્યારે,
નમન કરું એ માતપિતાને આશીર્વાદ સમા મારે.

વિદ્યાભ્યાસ કરાવ્યો ભાવે સંસ્કારો સીંચ્યા ન્યારા,
આઘાતો સહેવા બળ આપ્યું આદર્શો જગવ્યા સારા;
ધીરજ ને હિંમત પ્રગટાવી અભયતણો ગાયો મહિમા,
વંદન એવા માતપિતાને આશીર્વાદ સમા મારે.

સ્વાશ્રયનો સંદેશ સુણાવી અવાજ આતમનો આવ્યો,
ત્યારે સહયોગ મને આપ્યો વિરોધ કેમે ના ફાવ્યો;
આતમના માર્ગે ધપવાને આપ્યા આશીર્વાદ વળી,
પ્રણામ એવા માતપિતાને આજ કરું હું પ્રેમ ધરી.

☼ ☼ ☼ ☼

## ૧. રચના સમયના મનોભાવો

પ્રભુપંથે જેમ મારા જીવનમાં સદગુરૂની પ્રેરણા મહત્વની બની એ રીતે મારાં માતાપિતાના પ્રાર્થનાના સંસ્કારોની મૂડીએ પણ પ્રબળ રીતે કાર્ય કર્યું. જીવનના પ્રભુમય વળાંક માટે મને-કમને પણ આજ સુધી આશીર્વાદ મળ્યા કર્યા છે. પવિત્રતા, પ્રભુપંથે પ્રગતિ અને શરીરની તંદુરસ્તી મળી રહે એવી શુભ ભાવના તેઓ અવારનવાર વ્યક્ત કર્યા કરે છે. સમાજનો ડર હોવા છતાં પોતાની પુત્રીના આ પ્રભુમાર્ગે ખાસ કોઈ વિક્ષેપો માબાપ ઊભા ન કરે તો એ પણ એમના અદૃષ્ટ આશીર્વાદ જ છે ને આવા આશીર્વાદ મેળવવા હું ભાગ્યશાળી બની છું.

પ્રાર્થનાના સંસ્કારો, સર્વોત્તમ શિક્ષણ, જીવનના આઘાતો સામે ધીરજ ને હિંમત પણ મને માતાપિતા તરફથી જ મળ્યાં. એ મૂડીથી જ પ્રભુપંથે આગળ વધાયું. આજે આ પ્રકાશનના પવિત્ર પુણ્ય પ્રસંગે માતાપિતાને પ્રણામાંજલિ ધરવાની ઈચ્છા થઈ. એમાંથી આ અંજલિનું સર્જન થયું.




☼ ☼ ☼ ☼

## ૨. ગુરૂજી અમે તો

ગુરૂજી અમે તો તમારા શરણમાં,
સમર્પ્યું છે જીવન તમારા ચરણમાં.

ત્રિતાપે તપેલા, ભૂલેલા ભટકતા,
આવી ચઢ્યા શ્રી ગુરૂના ચરણમાં,
બચાવો...ઉગારો...ગુરૂજી અમોને...

ભૂલોને ભૂલીને લઈ લેજો અંકે,
ભરી દર્દ દિલ આ સદા કાજ ઝંખે,
સ્વીકારી...સજાવો....અમારા જીવનને....



સ્વજન ને સખા સત્ય સ્વામી અમારા,
તમે દેવના દેવ સાથી છો ન્યારા,
રહેજો....અહર્નિશ....અમારા હૃદયમાં...

☼ ☼ ☼ ☼

## ૨. રચના સમયના મનોભાવો

પૃથ્વી ઉપર આંખ ઉઘાડીએ ત્યારથી જ જીવનના ત્રિતાપો વળગે છે. ભૂલોની પરંપરાઓ સર્જાય છે. અહીં તહીં ભટકવામાં જીવન શરૂ થાય છે ને એક દિવસ પૂર્ણ પણ બને છે.

તો એવા વાતાવરણમાં શ્રી ગુરૂનું શરણ લઈએ. તેમને વિનંતી કરીએ કે અમારી ભૂલોને ભૂલીને અમને સ્વીકારી લો, અમારા સ્વજન બનીને અમારી સાથે જ રહો.

ગુરૂના શ્રી ચરણે આવી વિનંતી થઈ.


☼ ☼ ☼ ☼

### ૩. વરદ હસ્ત

વરદ હસ્ત પ્રભુ તમારો
સદાયે રહેજો જીવન સહારો.

કરકમળના કૃપા કિરણથી
અંતર અજવાળજો અમારું,
રાગ ને દ્વેષ કામ ને ક્રોધ
હઠાવી જીવન કરી દો ન્યારું ... વરદ હસ્ત

પાપ ત્રિતાપ કલેશ કપાજો
જ્યોતિ જગાવો નિર્મળ હૃદયમાં,
પાવન જીવન સદા સમર્પો
પ્રભુ તમારા ચરણ કમળમાં ... વરદ હસ્ત



દિવ્ય સ્વરૂપના દર્શન કાજે
શ્રદ્ધા ને ભકિત ભરી દો સ્વામી !
કૃપાની વર્ષા વરસાવો નેહે
સરિતા રહે કે સાગરને પામી ... વરદ હસ્ત

☼ ☼ ☼ ☼

## ૩. રચના સમયના મનોભાવો

પૂ. શ્રી યોગેશ્વરજી જેવી સંતવિભૂતિ સાથે ૧૯૭૮માં દક્ષિણ ભારતની યાત્રા કરવાનું મને સદભાગ્ય પ્રથમ વાર મળ્યું.

અજન્ટાની ઐતિહાસિક ભૂમિ ઉપર ગુફાઓ જોઈને પૂ. શ્રી નદીકિનારે બેઠા. ફોટોગ્રાફીનો શોખ હોવાથી હું કેમેરો લઈ પૂ. શ્રી પાસે પહોંચી ગઈ. તસ્વીર લેવાની તૈયારી કરી ત્યાં જ પૂ, શ્રીએ એક હાથ ઊંચો કર્યો. પૂ. શ્રી તસ્વીર લેવાની ના પાડે છે એવું મને લાગ્યું, જેથી હું નિરાશ થઈ. કેમેરો નીચે મૂકી દીધો. 'ફોટો પાડો' - પૂ. શ્રીના શબ્દો સંભળાયા અને એ વરદ અભય હસ્તની પૂ. શ્રીની મુદ્રાવાળી તસ્વીર મેં ઝડપી લીધી. યાત્રા આગળ ચાલી. વિચારોની સૃષ્ટિમાં એ વરદ હસ્ત વિચરવા લાગ્યો.

શું આજે પૂ.શ્રીએ પોતાના વરદ હસ્તથી મારા જીવનને આશીર્વાદ  આપ્યા ? તો પછી એ આશીર્વાદસૂચક મુદ્રાથી જીવન પાવન બનીને એ મહાન વિરાટ વ્યક્તિત્વને સમર્પિત થાય તો ? એ ભાવો મહીંથી 'વરદ હસ્ત પ્રભુ તમારો' નું સર્જન થયું.

☼ ☼ ☼ ☼


## ૪. બંધ બારણે

બંધ બારણે ટકોરા મારે તો
શ્યામ તને સાચો ગણું ...

બારણાં ઉઘાડી આવે જો અંદર
બેસે જો મારી પાસે - તો શ્યામ તને...

રાહ જોઈને થાકી નથી હું
આવજે જરૂરથી આજે - તો શ્યામ તને...

પોકાર મારો સાંભળીને સાચે
દોડી આવે મારી પાસે - તો શ્યામ તને...



માવડી બનીને હીંચકે બેસે
ખોળે મુકાવે માથું - તો શ્યામ તને...

પાપી જીવને પાવન કરવા
માનવ રૂપે પધારે - તો શ્યામ તને...

ધન વૈભવ કે સિદ્ધિ ના માગું
દર્શન આપે પ્રભુ તારું - તો શ્યામ તને...

☼ ☼ ☼ ☼

## ૪. રચના સમયના મનોભાવો

શાસ્ત્રોમાં લખાયું છે કે સાચા સાધકનો પોકાર પ્રભુને પ્રગટાવી શકે છે. પણ વાચનથી એ વાત સાચી મનાય ખરી ?

જો સાચે જ મારા ઘરનાં બંધ બારણાંને ઉઘાડીને તે દિવ્યરૂપે મારી પાસે પધારે તો જ એ વાત માની શકાય. મન ત્યારે જ સંપૂર્ણ રીતે સ્વીકારવા તૈયાર થાય.

મૌનમંદિરના એ બંધ ઓરડામાં બેઠા બેઠા એના વિચારો જાગ્યા. શ્યામસુંદર ટકોરા મારીને બારણું ખોલીને અંદર આવે, મારી પાસે બેસે, તો ધન કે વૈભવ કશું જ માગવું નથી. આવી ભાવભરી સૃષ્ટિમાંથી આ પ્રાર્થના લખાઈ.

☼ ☼ ☼ ☼



## ૫. યોગેશ્વર માવડી

યોગેશ્વર માવડી રે, જનમો જનમની
પહેરાવી જેણે પાવડી રે, જીવન વન મહીં.

પ્રભુના પ્રેમની પાવડી પહેરાવી,
પગલાં પડાવે ધીરે ધીરે, પકડીને બાંય મારી ...યોગેશ્વર માવડી

યુવાની થનગનતી આવી જીવનની,
જ્ઞાન દીપ ત્યાં પ્રગટાવી, પ્રભુપંથે મને વાળી ...યોગેશ્વર માવડી

શ્યામલ રૂપ ધરી સૃષ્ટિ સજાવતી,
સ્નેહલ સૂર સંભળાવી, સ્નેહલ સુધા પાઈ ...યોગેશ્વર માવડી

અમૃતે ભરેલી અનુરાગે મઢેલી,
પ્રેમની પાવન મૂર્તિ, પ્રસન્નતાની સૃષ્ટિ ...યોગેશ્વર માવડી

જીવનવાટની પાવન પરબડી,
પ્રેમના પાન કરાવી, સંતૃપ્ત કરી દેતી ...યોગેશ્વર માવડી

વસમા વિયોગને વિતાવી દે માડી,
વ્હાલની વર્ષા વરસાવી, અંકે લે સમાવી ...યોગેશ્વર માવડી

☼ ☼ ☼ ☼

## ૫. રચના સમયના મનોભાવો

પૂ. શ્રી યોગેશ્વરજી જેવા પરમપ્રતાપી મહાપુરૂષનું આગમન અને પ્રભુમય જીવનનો નિર્ણય આ બંને ઘટનાઓ વિધિના વિધાન પ્રમાણે મારા જીવનમાં સમયસર જ બની.

છવ્વીસ વરસની નાનકડી વય, સ્ત્રીનું શરીર, એકલાં રહીને પવિત્ર પ્રભુમય જીવન જીવનનો દ્રઢ નિર્ણય, એ સંજોગોમાં પૂ. શ્રીના દર વરસે નિયમિત પ્રવચનો સાંભળવા મળ્યાં. પૂ. શ્રીનું સાહિત્ય વાંચવામાં આવ્યું. જીવનમાં નવો પ્રાણ, નવી હિંમત, નવી શક્તિ ને નવી દ્રષ્ટિ મળતી ગઈ.

પૂ.શ્રીના સમગ્ર વ્યક્તિત્વમાંથી મારા જીવનની આધ્યાત્મિક માવડીનું સ્પષ્ટ સ્વરૂપ મારા હૃદયમાં સાકાર બનવા માંડ્યું.

જે માવડીએ જ્ઞાન આપીને પ્રભુપંથે પગલાં ભરાવ્યાં, સૂક્ષ્મ પ્રેરણાઓ પૂરી પાડી, નવી આશા, નવી શ્રદ્ધા ને શીતળ છાંયડી આપી, તે માવડીનાં દર્શન માત્રથી પ્રસન્નતા ને પવિત્રતા જીવનમાં આવવા લાગી.

સાચે જ પ્રભુએ યોગેશ્વરરૂપે આધ્યાત્મિક માવડીની મને ભેટ ધરી. હું બડભાગી બની. હવે માવડી વિશેષ કૃપા કરી દે એવી અપેક્ષા રહેવા લાગી.

શાળાનાં કાર્યમાંથી શનિ-રવિ માતાપિતાને મળવા જવાનું બનતું, ત્યારે માર્ગમાં આવતા યોગેશ્વરજી જ મારી માવડી છે એ વિચારોમાંથી આ લીટીઓ લખાઈ.


☼ ☼ ☼ ☼

## ૬. પ્રાર્થના

મારા ગુરૂ ગોપાલ, મારા ગુરૂ ગોવિંદ,
આવી છું તારે મારગડે, પાપ મારાં ધોવાને....મારા.

જીવનભરનાં પાપને ધોઈ જજે,
અવગુણને તું ઓગાળી જજે,
મને નખશિખ પાવન કરી જજે. (૨)....મારા.

મારા કામક્રોધને સંહારી જજે,
મારા મનડાના મેલને મારી જજે,
મારા મનમંદિરમાં વિરાજી જજે. (૨)....મારા.



અથડાતી અધૂરી આવી ચઢી,
અવિનાશી લેજે મને શરણે જરી,
આ અજાણ બાળને જોજે જરી.(૨)....મારા.

કાંટા-કંકર છવાયેલ માર્ગ મહીં,
તું શ્રદ્ધાનાં ફૂલડાં વેરજે જરી,
મને દોરજે તારા ધામ ભણી.(૨)...મારા.

પ્રીતમ પ્રેમનાં દાન તું દઈ જજે,
દીનાનાથ દયાળુ બની જજે,
દિવ્યરૂપે તું દર્શન દઈ જજે.(૨)..મારા.

☼ ☼ ☼ ☼

## ૬. રચના સમયના મનોભાવો

જગતનું શ્રેષ્ઠ શરણ શ્રી ગુરૂના જ શ્રીચરણો છે એવું મનમાં ઊગી ગયું ત્યારે સર્વભાવે સમર્પણ કરવાની ભાવના જાગી ગઈ.

દુર્ગુણોથી ભરેલી, અજાણ બાળા ગુરૂરૂપે ગોપાલને ચરણે પોતાની બધી બુરાઈને ધોવા માટે તત્પર બને છે. શ્રદ્ધાથી સંપન્ન બનાવીને દિવ્યરૂપે દર્શન દેવાની વિનંતિ આ પદમાં થઈ છે.


☼ ☼ ☼ ☼

## ૭. જોગણ જુએ વાટડી

અરે કોઈ શ્યામલ જોગીને જઈ કહેજો રે,
જોગણ જુએ વાટડી...જી.

રાત-દિવસ એ તો રાહ જુએ તારી રે,
જપતી ને ભજતી બેઠી છે એકાંતે રે ... જોગણ જુએ.

મધુવનની મીઠી મસ્તીને છોડીને,
પળમાં જ પહોંચી જાને પ્રીતમ પ્યારા રે ... જોગણ જુએ.



તલસાવી તડપાવી બહુ દિન વીત્યા રે,
નટખટ નંદના કિશોર હવે જાજે રે ... જોગણ જુએ.

અણુએ અણુમાં અનુરાગ જગાડયો તેં,
વિરહની વ્યથામાં વીતે છે દિનરાત રે ... જોગણ જુએ.

દર્શનના દુઃખે દિવાની બની છે એ તો,
દિવ્ય વૈદરાજનું સ્વરૂપ સજી જાજે રે ... જોગણ જુએ.

☼ ☼ ☼ ☼

## ૭. રચના સમયના મનોભાવો

ગુજરાતના જાણીતા ને લાડીલા સંતશ્રેષ્ઠ પૂ. શ્રી મોટાના મૌનમંદિરોમાં રજાઓ દરમ્યાન એકાંતવાસનો લાભ લેવાનું ઘણીવાર બન્યું.

મૌનમંદિરના એ એકાંતવાસમાં અનેરો આનંદ અને પ્રભુપ્રેમની મસ્તી અનુભવવા મળે છે. ત્યાં સંસાર અને સમાજના કોલાહલથી દૂર રહી થોડા દિવસો નિવૃત્તિ છતાં પ્રભુભક્તિની પ્રવૃત્તિથી પ્રસન્નતા અનુભવાય છે.

એકાંતસેવનમાં આપણો કોઈ સ્થૂળ સાથી નથી હોતો. પ્રભુ જ સાચો સૂક્ષ્મ સાથી બની જાય છે. પણ તે પણ સ્થૂળ રીતે તો દર્શન આપતો જ નથી ને. જેથી તે પ્રભુને પ્રેમભર્યો સંદેશો મોકલવાનું મન સ્હેજે થઈ જાય. ઘણાં દિવસો વીતી ગયા. વિરહ અસહ્ય બન્યો છે. શ્યામસુંદર જોગી બનીને આવે એવી અંતરની ઈચ્છાનો પડઘો પાડતું આ પદ મૌનમંદિર સૂરત ૧૯૭૮ માં લખાયું છે.



☼ ☼ ☼ ☼

## ૮. વ્હાલું લાગે રે

મને વ્હાલું લાગે રે શ્યામસુંદર તારું મુખડું,
દર્શન પામીને દર્દ જાય રે.

આ જીવનનો એક આધાર સાચો સખા છે તું,
સગપણને સંભારીને દર્શન દેવામાં જાય શું ?
રે...મને દર્શનની છે પ્યાસ રે...મને.

રોજ સવારે રાહ જોતી કયારે આવે શ્યામ,
રોજ રોજ કહેવું તને શું સમજી લેને શ્યામ,
રે...મને દર્શનની છે પ્યાસ રે...મને.

તારું મુખડું મલકે ક્યારે રાહ જોઉં છું આજ,
મારી સાથે વાતડી કરવા આવશે ક્યારે નાથ,
રે... મને દર્શનની છે પ્યાસ રે...મને.

☼ ☼ ☼ ☼

## ૮. રચના સમયના મનોભાવો

મનહર મોહનની મોહક મૂર્તિને જોઈને એમ જ અનુભવતી કે આ મોહનનું મુખમંડળ દર્શનમાત્રથી દુઃખદર્દ દૂર કરી શકે તેવું છે.

મોહન મારો મિત્ર છે તો પછી તેણે મને દર્શન આપવું જ જોઈએ ને ? રોજરોજ રાહ જોવામાં આનંદ છે પણ અંતરે હવે તો આગ જલી રહી છે. મોહન ક્યારે આવશે ? ક્યારે મારી સાથે વાતો કરશે ? આવા વિવિધ પ્રશ્નો સાથે આ પદ રચાયું છે.

☼ ☼ ☼ ☼

### ૯. ભાવના

મને વ્હાલી લાગે રે શ્યામ સુંદર તારી વાંસળી,
તારી વાંસલડી સંભળાવ રે.

મીઠી મધઝરતી વાંસલડી વગાડજે મારા નાથ,
જીવનમાં સંગીત પ્રગટાવવા આવજે મારા શ્યામ,
રે...તારા દૈવી સૂર રેલાવ રે....મને.

દૈવી સુરે રોમેરોમે પ્રેમ પ્રગટે નાથ,
એક જ તારી ઝાંખી પ્રીતમ થાય મને દિનરાત,
રે...હું તો માગું છું ચરણે આજ રે...મને.

મીઠી મમતા મીઠી માયા મોહન તારી લગાડ,
કામના તારી એક જ કૃષ્ણા આ જીવનની માંહ્ય,
રે...મને દર્શન દે એકવાર રે...મને.

☼ ☼ ☼ ☼

## ૯. રચના સમયના મનોભાવો

પ્રભુ જ્યારે પ્રિય લાગે ત્યારે તેનાં સઘળાં સાધનો પણ પ્રિય જ લાગે છે.

અહીં પ્રભુના હાથની વાંસળી પ્રિય લાગી. એ વાંસળીના સ્વરોથી સૃષ્ટિને દૈવી સૂરે ભરી દેવાની માગણી થઈ. વાંસળીના દૈવી સૂરથી જીવનમાં પવિત્ર પ્રભુપ્રેમ પ્રગટે અને રાત-દિવસ પ્રભુની ઝાંખી થઈ શકે એવી ભાવના આ રીતે વ્યક્ત થઈ શકી.

☼ ☼ ☼ ☼

## ૧૦. શ્યામલ ગિરધારી


હું તો શોધું છું સઘળે રામ રે, શ્યામલ ગિરધારી

દિવ્ય દેહ ધરીને આવો, વાંસલડી મિષ્ટ વગાડો,
મારી સાથે આવી બિરાજો રે... શ્યામલ ગિરધારી

મન અંતરે આશા તમારી, તમે આવો કૃષ્ણ મુરારી,
તન મનને દીધાં વારી રે... શ્યામલ ગિરધારી

પૂજારણ બનું તમારી, ચરણોમાં રાખો મુરારી,
ધન્ય કરો જીવનવાડી રે... શ્યામલ ગિરધારી

આ જગમાં એકલ જીવી, એકલપંથી છું અજાણી,
મને સાથ ધરોને મુરારી રે...શ્યામલ ગિરધારી



☼ ☼ ☼ ☼

## ૧૦. રચના સમયના મનોભાવો

પરમાત્મા પ્રગટ સ્વરૂપે યોગેશ્વરજી છે એમ માની લીધું. એમને ઉદ્દેશીને જ પ્રાર્થનાઓ થવા લાગી. છતાં ઘણી ઘણી વાર મન દિવ્ય સ્વરૂપે શ્રી કૃષ્ણનાં દર્શન કરવા માટે ઝંખવા લાગ્યું. રોમરોમમાંથી એની શોધ શરૂ થઈ. અજાણ એકલપંથીને શ્રી કૃષ્ણ જ સાચો સથવારો આપી શકે એમ છે એવું લાગ્યું. એની સતત શોધ શરૂ થઈ.

વિદેશની ભૂમિ ઉપર જવાનું બન્યું તો ત્યાં પણ એ શોધ ચાલુ જ રહી. પરિણામે આ પ્રાર્થના ઝાંબિયાના કાબ્વે શહેરમાં લખાઈ.

☼ ☼ ☼ ☼

## ૧૧. મને પ્રેમદિવાની બનાવો

મને પ્રેમદિવાની બનાવો હરિ,
મારી માંગણી આજ સ્વીકારો હરિ...

જીવન જંગના વિધવિધ ક્ષેત્રે
મસ્તી જગાડો તવ ચરણે...મને....

જીવનભરનો થાક ઊતારો,
આવીને મીઠી છાંય ધરો...મને....



પાપ ને પુણ્યના ભેદ મિટાવી,
પરમ પવિત્ર બનાવી દો...મને...

અનંતના હે યાત્રી મારા,
સાથી બનીને આવો જરી...મને...

ચિંતાની ચપલા છો ચમકે,
વિપત્તિની વર્ષા વરસે..મને...

રામ બનીને ઘનશ્યામ બનીને,
અખંડ ચૂડી ધરજો મને....મને...

☼ ☼ ☼ ☼

## ૧૧. રચના સમયના મનોભાવો

પ્રભુપ્રેમની મસ્તી જાગતાં ભક્ત નિંદ્રા ઉપર વિજય મેળવીને રાતદિવસ મસ્તી અનુભવતો અને જાગ્રત જીવન જીવતો બની જાય છે. એ વાતો ધર્મગ્રંથોમાં વાંચેલી. શું એ વાત સાચી હશે ? એવી શંકાઓ પણ થયેલી.

જીવનમાં રાતદિવસ થાક, આળસ કે ઊંઘ વિના પ્રભુનું ભજન કરવાની લગની જ્યારે જાગી ઊઠી ત્યારે જ મને ધર્મગ્રંથોની વાત સાચી લાગી. અનુભવે એ સત્ય સમજાયું.

આખા દિવસના શાળાના કાર્ય પછી રાત્રે પણ પ્રભુને પ્રાર્થનાથી જ રીઝવવાનું ગમવા લાગ્યું. ઊંઘ ઊડી ગઈ. સ્થૂળ શરીરનો થાક નહીં પણ જીવનનો થાક લાગવા માંડ્યો. એ થાકને મટાડવા મીઠી છાંયાની માંગણી શરૂ થઈ.

મીરાંબાઈ જેવી પ્રેમદીવાની બની જાઉં, પરમ પવિત્ર બની જાઉં, જીવનના દરેક કાર્યમાં પ્રભુની મસ્તી અનુભવું અને વિપત્તિની વર્ષાની વચ્ચે પણ વિપથગામી ન બનું, એવી ભાવનાઓ દિલમાં જાગી ઊઠી.

ભાવનાઓને અક્ષરદેહે ઊતારી, વારંવાર ગાઈને પ્રભુને કહી દેવાનું શરૂ થયું, ત્યારે આવી આવી માંગણીઓ થયા કરતી.

☼ ☼ ☼ ☼


## ૧૨. મને ગોવિંદરૂપે

મને ગોવિંદ રૂપે ગુરૂજી મળ્યા,
જેથી જનમ મરણના ફેરા ટળ્યા..

ગુરૂજીએ આપી જ્ઞાનની ગોળી,
લીધી મેં તો પ્રેમ ધરી... મને...

જ્ઞાનની ગોળીએ ઘેલી કીધી,
લોકલાજને મેલી દીધી... મને...

સંતની સંગે બની દિવાની,
પ્રભુભક્તિની મસ્તી ચઢી... મને...



સ્વજનોની સંગત લાગી પ્યારી,
સંગત પ્રભુની બની પ્યારી... મને...

સ્વજનોની સંગત સ્નેહે છોડાવી,
દિવ્ય દર્શનની ઝાંખી ધરી... મને...

☼ ☼ ☼ ☼

## ૧૨. રચના સમયના મનોભાવો

સાચા સાધકના જીવનપથ પર યોગ્ય દિશાસૂચન માટે ઘણી વાર પ્રભુ માનવરૂપે ગુરૂ બનીને આવતા હોય છે. પ્રભુના એ માનવરૂપને ઓળખવું ઘણું કપરું છે. સાધક સફળતાના સોપાનો શ્રદ્ધાભક્તિથી ચઢી જાય એ માટે પણ પ્રભુ ઘણીવાર કૃપા કરીને પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરી દે છે.

એવી ધન્ય પળો મારા જીવનમાં પણ મને મળી ગઈ. પૂ.શ્રી યોગેશ્વરજીમાં ગુરૂના રૂપમાં ગુપ્ત રીતે ગોવિંદ બેઠા છે એવી દ્રઢ શ્રદ્ધા એમનાં જ્યારે દિવ્યરૂપે દર્શન થયાં ત્યારે જ મને થઈ. માનવરૂપે પ્રભુના દર્શનથી હું પાવન બનીને ધન્ય બની ગઈ.

પછી તો ગોવિંદરૂપે ગુરૂજી મળી ગયાનો પૂર્ણ સંતોષ જીવનમાં પ્રગટ્યો. જન્મમરણની જંજાળમાંથી પણ મુક્તિ મળી. સ્વજનોની સંસારી વાતો, ચિંતા, સમાજની પ્રતિષ્ઠાને પણ નગણ્ય ગણવાની હિંમત પ્રગટી.

ઝામ્બીયાની ધરતી પર સ્વજનોથી છૂટા પડીને શ્રી યોગેશ્વરજી સાથે પ્રવચન પ્રવાસમાં જોડાવાનું બન્યું ત્યારે સ્વજનોએ ક્ષણિક અસંતોષ અનુભવ્યો. પણ પ્રભુની જ સંગત પ્યારી લાગી હોય તેને સ્વજનો ક્યાં સુધી બાંધી શકે ? અંતરના અંતરતમમાં આ ભાવભરી સ્વરસૃષ્ટિ જાગી ઊઠી.

☼ ☼ ☼ ☼

## ૧૩. ઝુકાવ્યું જીવન

ઝુકાવ્યું જીવન મારું રે ...પ્રભુજીના પંથે...

ચિંતા ચતુરાઈને મેલી,
સંસારની વાતો ઠેલી,
બની છું પ્રભુપ્રેમે ઘેલી રે... પ્રભુજીના પંથે...

નિંદા ટીકા ભલે થાયે,
સ્વજનો વળી છોડી જાયે,
જે થવાનું હોય તે થાય રે... પ્રભુજીના પંથે...

કોઈ સામે ના જુએ મારી,
મેં તો પ્રભુથી બાંધી યારી,
એ વાત ખરેખર ન્યારી રે... પ્રભુજીના પંથે...

વિપત્તિનાં વાદળ વરસે,
વિધિના વિધાનો ફરકે,
તપ ને વ્રત મારાં ફળશે રે... પ્રભુજીના પંથે...

☼ ☼ ☼ ☼

## ૧૩. રચના સમયના મનોભાવો

જેને જીવનના આરાધ્ય પ્રભુ માન્યા તે મહાપુરુષ શ્રી યોગેશ્વરજીની માંદગી આવીને ઊભી. માંદગી પ્રસંગે સેવાનું સદભાગ્ય મળ્યું. ઘણાં વર્ષોનું સ્વપ્ન જાણે સાકાર બનવાનું હોય એમ શિક્ષણક્ષેત્રે તિલાંજલી આપવાનો અને પૂ.શ્રીની સેવામાં જીવન સમર્પિત કરવાનો સોનેરી અવસર પ્રભુએ પૂરો પાડ્યો.

૧૯૭૯ ના નવેમ્બરની પૂ.શ્રીની માંદગી પ્રસંગે મારી શાળામાંથી પ્રિન્સીપાલ પદેથી રાજીનામું આપી દીધું. સ્વજનોને સહજ રીતે ચિંતા થઈ પણ નોકરીના એ બંધનને તોડયા પછી જીવનમાં એક પ્રકારની ખુમારી આવી ચઢી.

સંસાર ટીકા કરે, સ્વજનો છોડી જાય, જગત જાકારો આપે, અને વિપત્તિની વર્ષા વરસે તો પણ હવે તો જીવન ઝૂકાવી દીધું છે. પ્રભુપ્રેમે ઘેલી બનીને તપને ફળીભૂત કરવાની લગની લાગી ગઈ.

જીવનના એ પવિત્ર નિર્ણય પ્રસંગે આ પદ લખીને નવી હિંમત, નવી શક્તિ મેળવી લીધી.


☼ ☼ ☼ ☼

## ૧૪. વંદના

વંદન હજારો વાર, ગુરૂજી અમારાં...

ભૂલે ભરેલા બાળ તમારાં,
માવડી બનોને યોગેશ્વર વહાલાં,
શરણે લઈ લો આજ...ગુરૂજી અમારાં....

આવી બેઠાં છે ચરણે તમારાં,
દોષો ના જોશો કદીએ અમારાં,
સ્વીકારી લેજો નાથ...ગુરૂજી અમારાં....



પ્રભુના મારગમાં મસ્તી ચઢાવજો,
દુનિયા આખીને ભલે ને ભૂલાવજો,
પાગલ બનાવજો શ્યામ....ગુરૂજી અમારાં...

શબરી ગોપી ને રાધાને તારી,
અહલ્યા મીરાં ને પ્રેમે ઉગારી,
ઉગારો હે દીનાનાથ...ગુરૂજી અમારાં....

દર્શનથી પ્રાણ પાવન બનાવજો,
મુખડામાં મહિમાનું કીર્તન કરાવજો,
વરસો કૃપા વરસાદ....ગુરૂજી અમારાં....

☼ ☼ ☼ ☼

## ૧૪. રચના સમયના મનોભાવો

જે મહાપુરુષને ચરણે બેસીને જ્ઞાનામૃત પીવા મળ્યું, જીવન જીવવાનું ભાથું મળ્યું, જેમની પ્રેરણાથી જીવન પ્રભુપ્રેમે મસ્ત બન્યું, તે મહાપુરુષ મારા જીવનમાં ગુરૂ રૂપે પધાર્યા તો આવા ગુરૂદેવને શરણાગત ભાવે વંદના કરીને કૃપાની વર્ષા વરસાવવાની આવી પ્રાર્થના થઈ.

પ્રભુ તમે આજ સુધી અનેક ભક્તોને તાર્યા છે, તો અમને પણ ઉગારી લો. અમે દોષથી ભરેલા બાળકો તમારે શરણે આવ્યા છીએ, તો મા બનીને રક્ષો. આખી દુનિયાનું ભલે વિસ્મરણ થતું પણ તમારા પ્રેમમાં હે પ્રભુ, અમને પાગલ બનાવી દો ને પરિપૂર્ણ બનાવો. એવી પ્રાર્થના સાથે આ વંદના લખાઈ.

☼ ☼ ☼ ☼



## ૧૫. હું તો રટું છું તારું નામ


હું તો રટું છું તારું નામ, સુંદર શ્યામલ ઘનશ્યામ...

જીવનવનનાં હે વનમાળી, પ્રેમે પધારી આજ,
મીઠી મધઝરતી વાંસલડી, વગાડી પ્રીત જગાડ.....સુંદર....

જીવન પ્રભુની પ્રીતે ભરી દે, ભક્તિભાવમાં લીન કરી દે
મસ્ત કરી દે, ધન્ય કરી દે, માંગું છું ચરણે નાથ......સુંદર...

નામસ્મરણની મધુર કેડી પર, કરતાં પુણ્ય પ્રયાણ,
મધુર ભાવે સાદ કરું પ્રિય, પ્રીતમ રૂપે પધાર....સુંદર....

રાતદિવસ પોકારું તુજને, ક્યારે આવશે શ્યામ,
આવીને જરી એટલું કહી જા, ઠરવાનું મળ્યું ઠામ...સુંદર...



☼ ☼ ☼ ☼

## ૧૫. રચના સમયના મનોભાવો

સમાજમાં સામાન્ય રીતે સ્ત્રીઓ જે પંથે ખાસ પ્રયાણ નથી કરતી તે પ્રભુ પંથે જવાનો નિર્ણય દ્રઢ બન્યો ત્યારે એના અનુસંધાનમાં પ્રભુને પ્રત્યક્ષ કરવાની ઝંખના પણ જાગી ઊઠી. પ્રભુને પ્રત્યક્ષ કરવાના પ્રામાણિક પ્રયત્નો શરૂ થયા. જપ, પ્રાર્થના અને એમાંથી પોકારો થવા લાગ્યા.

નામસ્મરણથી નામીને મળી શકાય છે તો એ જ નામસ્મરણની મંગલ કેડી ઉપર મધુર સાદ પાડવાનું શરૂ થયું. રાધાભાવે પ્રભુને પ્રીતમરૂપે પધારવાની વિનંતિ શરૂ થઈ. પ્રીતને જગાડી, શ્રદ્ધા ભક્તિ વધારી, મસ્ત બનાવી દે અને ધન્ય બનાવી દે. વળી પ્રીતમરૂપે પધારવામાં વિલંબ થવાનો હોય તો અત્યારે એટલું તો કહી જા કે હું જરૂર તારી પાસે આવીશ.

પ્રભુ સાથે સીધી વાતો આવા પ્રેમપૂર્ણ પદ દ્વારા થઈ શકી.

☼ ☼ ☼ ☼



## ૧૬. એક અરજી

દિવ્યલોકથી આવી ઊભા, પ્રભુ યોગેશ્વર રૂપમાં...

જીવન કેરા સર્જક શાશ્વત, સંરક્ષક શિરતાજ છો,
કામક્રોધની વૃત્તિઓના સંહારક પ્રભુ આપ છો...દિવ્યલોકથી....

વનવગડા જેવા જીવનને નંદનવન જેવું કર્યું,
ક્યાં સંતાયા છેવટ સ્વામી, શોધું જગના નાથને...દિવ્યલોકથી...

રાતદિવસની સતત ઝંખના પૂર્ણ બનાવો માત હે,
દિવ્યરૂપનું દર્શન આપી ધન્યતા ધરો પ્રાણને...દિવ્યલોકથી...

રામકૃષ્ણ છો સાચે મારા જીવનના ધન રંકના,
પ્રેમે પધારો પાવન કરવા કરું હજારો વંદના...દિવ્યલોકથી...

વારે વારે એક જ અરજી ધરું ચરણમાં દીન હું,
માનવ સ્વરૂપ ધારી આવો અલખ નિરંજન હે પ્રભુ...દિવ્યલોકથી...

☼ ☼ ☼ ☼

## ૧૬. રચના સમયના મનોભાવો

જ્યારે જ્યારે હરી ૐ આશ્રમમાં મૌન એકાંતમાં જવાનું બન્યું ત્યારે ત્યારે અવનવા ભાવોથી અંતર ભાવવિભોર બની જતું. નવી નવી પ્રાર્થનાઓ થતી, રાગમાં ગાવાની અને પ્રભુને કહી દેવાની પ્રવૃત્તિઓ શરૂ થતી.

જીવનના સૂનકારમાં સ્વર ભરીને નંદનવન બનાવનાર શ્રી યોગેશ્વરજી સાચે જ દિવ્યલોકમાંથી મારે માટે જ આ પાવન પૃથ્વી ઉપર પધાર્યા છે, એમ માનીને તેમના દિવ્ય સ્વરૂપને જોવા તેમજ જીવનની પવિત્રતા વધારવા આવાં આવાં પદોને લખીને પ્રાર્થનાઓ થવા લાગી. તેમાંની આ એક પ્રાર્થના છે, જે મૌનમંદિરમાં સ્ફૂરી હતી.

☼ ☼ ☼ ☼



## ૧૭. સથવારો

જીવન વનના પુણ્ય પ્રવાસે, મળી ગયો સથવારો રે.....

વરસોથી સોંપી દીધો છે જીવનરથ મેં મારો રે,
જીવનરથના સારથિ મારા લગામ પકડી તારો રે.....જીવન....

કંટક કંકર ખાડા ટેકરા, આવ્યા અધવચ ભારે રે,
નિશ્ચિંત બની મ્હાલી રથમાં, દોરી તારે હાથે રે...જીવન...

જીવનકેરા પુણ્યપ્રવાસે અધવચ આવી છાયા રે,
સંતતરુવરની છાયામાં ક્ષણભર દીઠી માયા રે...જીવન...

તરુવરની શીળી છાયામાં થાક તાપ તેં ટાળ્યા રે,
શાંતિ ને શીતળતા અર્પી દિવ્ય કૃપામૃત ઢાળ્યા રે...જીવન....

તાતની છાયા માતની મમતા કેરાં ફળો ચખાડ્યા રે,
અમીરસ પાયો સખી બનીને કૃતકૃત્ય કરી કાયા રે...જીવન....

જીવનફળની મધુરસ પ્યાલી સ્નેહ ધરીને પાઈ રે,
મસ્ત બનાવી ધન્ય બનાવી મારી જીવનવાડી રે...જીવન....

મસ્તી માંહી મસ્ત બનીને જોયું જાગી આજે રે,
સારથિ ને વળી સંતતરુવર એક સ્વરૂપે રાજે રે....જીવન....

ક્ષણભર દિવ્ય દૃષ્ટિ પ્રગટાવી અંખડ શ્રદ્ધા આપી રે,
દિવ્ય સ્વરૂપે દર્શન દીધાં કરી જીંદગી ન્યારી રે....જીવન....

વંદુ વ્હાલા વ્હાલ ધરીને પ્રણામ પ્રભુજી પ્રેમે રે,
શ્રી ચરણોમાં મને સમાવી એક કરી દે કેમે રે....જીવન...

## ૧૭. રચના સમયના મનોભાવો

જીવનનો પુણ્યપ્રવાસ પ્રભુએ શરૂ કરાવ્યો ત્યારે સમયસર પ્રભુએ સાચો સથવારો પણ ધરી દીધો. જન્મથી જ દરેક જીવ એ જગદીશને જ પોતાનું સારથિ પદ જાણ્યે અજાણ્યે ધરે છે ને ?

એ રીતે મારા જીવનરથને પણ પ્રભુ સારથિ બનીને ચલાવતો હતો. જીવનની પવિત્ર કેડી ઉપર સંતસ્વરૂપે શ્રી યોગેશ્વરજીની છાયા મળી ગઈ. જીવન ધન્ય બની ગયું. દિવ્યરૂપે દર્શન દઈને જીવનને સફળ કરી દીધું. સારથિ ને સંતપુરૂષની છાયા બંને મૂળભૂત રીતે એક જ છે એ સમજાયું.

ત્યારે શ્રીચરણોમાં સદા માટે સમર્પિત થવાની જાગી ઊઠેલી ભાવના આ પદમાં વણાઈ ગઈ.

☼ ☼ ☼ ☼




## ૧૮. મોહન ગિરિધારી

આજ અહીં આવ્યો રે, મોહન ગિરિધારી....

કૈંક વરસોથી રાહ હું જોતી,
પળપળની મારી પ્રાર્થના પહોંચી,
   હાં રે...એ તો આવ્યો ગોકુળને છોડી ... અહીં ...

જીવનવાટને સીધી બનાવી,
રોમેરોમમાં ભરી આનંદ હેલી,
હાં રે...જીવનવાડીને ધન્ય બનાવી....અહીં....



રોજ રોજ જપની માળા સ્વીકારી,
બંધાઈ જાશે એ તો પ્રીતની દોરી,
   હાં રે...હવે કયાંયે ના જાશે દોડી...અહીં....

નિત નવાં રૂપે દર્શન દેશે,
રસભર્યા એ તો રાસ રમાડશે.
      હાં...રે દિવ્ય સાંન્નિધ્ય દેશે સાચે....અહીં...
      હાં....રે દિવ્ય રૂપે રહેશે મારી પાસે....અહીં....

☼ ☼ ☼ ☼

## ૧૮. રચના સમયના મનોભાવો

પ્રભુપંથના પ્રવાસના પ્રામાણિક પ્રયત્નો બાદ જ્યારે પ્રાર્થનાઓ સંભળાવા માંડે, અરે પ્રભુના દર્શનની ઝાંખી થાય ત્યારે સાધકના અંતઃકરણમાં આનંદ છવાઈ જાય.

વર્ષોની રાહ જોયા બાદ પ્રભુ-દર્શનની ઝાંખી થઈ. હવે પ્રભુનું દિવ્યરૂપ મારી સાથે જ રહે તો ? નિત્ય નવાં દર્શન થયા કરે તો ? મારી જપની માળાથી પ્રભુ બંધાઈ જાય તો ?

આવી આવી કલ્પનાઓથી પ્રભુદર્શનની થયેલી ઝાંખીને સતત સમીપે રાખવા આ પ્રાર્થના રચાઈ. આ પ્રાર્થનામાં અનૂભૂતિનો આનંદ વણાયેલો છે.

☼ ☼ ☼ ☼

## ૧૯. મનમંદિરમાં આમંત્રણ

આવજે મારા મનમંદિરમાં,
    શ્યામલ કૃષ્ણા તું.....

કામક્રોધ પર પગલાં ધરીને,
પ્રેમવારિથી પાવન કરીને,
હૃદયાસન પર બિરાજવાને,
    આવજે કૃષ્ણા તું ... આવજે ...

તારાં દર્શન કરવા કાજે,
કંટક કંકર છોને આવે,
પ્રેમપંથ પર શ્રદ્ધાં કેરાં,
ફૂલડાં વેરજે તું ... આવજે ...



પ્રયત્ન ને પુરુષાર્થ સહારે,
શ્રદ્ધા ને ભક્તિના રાહે,
સ્નેહે સ્વીકારજે આવું જ્યારે,
    ચંચલ ચાલે હું ... આવજે ...

સદગુણોના પુષ્પ ધરું હું,
વિવેકનો દીવડો પ્રગટાવું,
પ્રેમ-ચંદને તિલક કરું તો,
    પૂજા સ્વીકારજે તું ... આવજે ...

☼ ☼ ☼ ☼

## ૧૯. રચના સમયના મનોભાવો

જીવનમાં શ્યામસુંદરની રાહ જોતાં જોતાં પ્રાર્થના થઈ છે. જીવનમાં જે કામક્રોધ રહ્યાં છે તેના ઉપર પ્રેમના પાણીનો છંટકાવ કરીને પણ પ્રભુ તું આવ. પ્રયત્ન ને પુરુષાર્થની સાથે કંટક ને કંકરોથી દૂર કરીને તારું દર્શન કરાવજે.

પ્રભુ આવે તો સદગુણોથી મારા જીવનને પુષ્પ જેવું સુવાસિત કરીને, તેનું સ્વાગત કરવાની, તેની પૂજા કરવાની તૈયારી આ પદમાં મૂર્તિમંત થઈ છે.


☼ ☼ ☼ ☼

## ૨૦. હે રસેશ્વર

હે રસેશ્વર
બનીને હું રસેશ્વરી,
તપીને જપીને બનું, હું તપસ્વિની.....

હે ગોપાલા
બનીશ તારી ગોપિકા,
મનમોહન મધુસુદનની, મીરાં દીવાની....

હે મધુરતમ
બનીશ તારી માધુરી,
મનમંદિરે મધુમૂર્તિ, મઢાવીશ તારી......



હે બંસીધર
બનીશ તારી બંસરી,
પ્રીતથી પોલી બનાવી, વગાડજે વ્હાલમ...

હે પરમપ્રિય
પ્રીતડી પ્રગટાવજે,
શબ્દપૂજા પ્રીતે ગ્રહી, પ્રીતથી પધારજે....

હે સમંદર
બનીશ સુસરિતા,
સ્નેહથી સહી, સરીને, સમાઈશ સાગરે.....

☼ ☼ ☼ ☼

## ૨૦. રચના સમયના મનોભાવો

પ્રભુને મધુર ભાવે સાદ કરવાની ભાવના જાગી ત્યારે રાધા ને ગોપી ભાવે આ પ્રાર્થના થઈ.


☼ ☼ ☼ ☼

## ૨૧. પીયૂષની પ્યાલી

પીયૂષની પ્યાલી રે, પ્રભુજીએ પાઈ.....

કૈંક દિવસની પ્રાર્થના સાંભળી,
વિનંતિ સ્વીકારી લીધી,
કરુણા દૈવી કીધી... પીયૂષની

લીલા સર્જી મને પાસે બોલાવી,
જીવનમરણ બાજી ખેલી,
કૃપાની ધાર રેલી... પીયૂષની



બંધન તોડાવીને સેવા સ્વીકારી,
ગુરૂગોવિંદ પદે રાખી,
બનાવી બડભાગી... પીયૂષની

ગુરૂભક્તિની પગદંડી ન્યારી,
કપરી કસોટી ત્યાં થાતી
આનંદ મળે ભારી.... પીયૂષની

પ્રગટ પ્રભુની લીલા અનોખી,
સાધક ભાવે નિહાળી,
સમર્પી જીંદગાની..... પીયૂષની

☼ ☼ ☼ ☼

## ૨૧. રચના સમયના મનોભાવો

પૂ.શ્રી જેવા સમર્થ સંતની માંદગી આવી પહોંચી. સેવાને નિમિત્તે નોકરીનું બંધન તૂટ્યું. કપરી કસોટી મારી તો કરી જ પણ જીવનમરણની બાજી ખેલીને મારા ઉપર જાણે અવનવી કૃપા વરસાવી.

છેલ્લાં કેટલાય વરસોની પ્રાર્થના હતી કે સુયોગ્ય, સમર્થ, ઈશ્વરદર્શી મહાપુરુષના શ્રી ચરણે બેસીને સાધના કરીને જીવનને ધન્ય બનાવીએ. એ પ્રાર્થનાના ઉત્તરરૂપે પ્યાલી પીવા મળી, ત્યારે જીવનને સમર્પિત કરીને હું ધન્ય બની ગઈ. એનો આનંદ અહીં પ્રગટ થાય છે.


☼ ☼ ☼ ☼

## ૨૨. દર્શનની ઝાંખી

મને દર્શન દેજે વ્હાલા રે, શ્યામલ ગિરિધારી...

આ દૂર દૂર એકાંત,
લાવ્યો છે શાને કાજે,
લીલા ના કૈં સમજાયે રે....શ્યામલ....

હું શોધું છું તારી છાયા,
ભટકાયે જ્યાં ત્યાં માયા
યુગ યુગના વ્હાણાં વાયાં રે....શ્યામલ....



મદભરી યુવાની આવી,
પ્રભુપંથે ત્યારે વાળી,
હવે લેને જલ્દી તારી રે.....શ્યામલ....

વ્હાલા આવે કદી જો આજે,
બનું રાધા તારે કાજે,
હૈયું હરખે ને નાચે રે...શ્યામલ....

☼ ☼ ☼ ☼

## ૨૨. રચના સમયના મનોભાવો

ઘણીવાર પ્રભુસ્મરણના પંથે આગળ વધતાં સ્વજનો થોડી ગૂંચ ઊભી કરતાં જણાય છે. લોકાચાર મુજબ ચલાવવાનો આગ્રહ કરતાં હોય છે. ત્યારે સાચો સાધક મુંઝવણ અનુભવે છે. પ્રભુની છત્રછાયાની શોધ થઈ રહી હોય ત્યાં સગાંસ્નેહીઓની માયાજાળ પથરાય છે.

યુવાનીમાં જ પ્રભુપંથે પ્રયાણ કર્યું છે, હવે તો પ્રભુની જ રાહ જોવાઈ રહી છે. પ્રભુ જો આવે તો તેની રાધા બનીને નિત દર્શન કરીશ એવી પ્રાર્થના અહીં થઈ શકી.

☼ ☼ ☼ ☼


## ૨૩. આમંત્રણ

મારા જીવન આંગણે આવો હરિ,
મીઠી પ્રેમની બંસી બજાવો જરી,

મન મધુવનની ગલીએ ગલીએ
પુનિત પગલી પાડો તમે ... મારા જીવન

પળપળ વીતી જાય છે સાચે,
વેગે વહેલા આવો તમે... મારા જીવન

હૃદયાસન પર સ્નેહે બિરાજો,
જીવનભરના તાપ હરો... મારા જીવન



રસેશ્વરી હું બની તમારી,
રસેશ્વર બની આવો ભલે... મારા જીવન

અખંડ ચૂડી અર્પીને હરિ,
સંતાયા ક્યાં વિશ્વમહીં... મારા જીવન

ફરી ફરી આવોને હે મોહન,
મહોત્સવ બને આ જીવન... મારા જીવન

☼ ☼ ☼ ☼

## ૨૩. રચના સમયના મનોભાવો

ભક્તિભાવ જીવનમાં બળવાન બને ત્યારે ભક્ત ભગવાનને પોતાના જીવન આંગણે ઊતારવા આતુર બને છે. પળ પળ એને યુગ જેવી લાગે છે. પળેપળે એની પ્રતીક્ષા પ્રબળ બનતી જાય છે. અંતરના અંતરતમમાંથી પ્રાર્થનાઓ શરૂ થાય છે.

મારા જીવનમાં પણ એવી અવસ્થા આવી. શિક્ષણકાર્યમાં સ્થૂળ રીતે રત રહેવા છતાં જીવનમાં એક સૂનકાર અનુભવ્યો. હરિના આગમનથી જ જીવન જીવવા જેવું બનશે એવું લાગ્યું.

એક વારના દિવ્ય દર્શન પછી હે પ્રભુ, તમે અદ્રશ્ય થયા છો તો હવે ફરી આવો ને મારા જીવનને ઉત્સવમય બનાવો.

મનની એવી ભૂમિકામાંથી આ પ્રાર્થનાનું સર્જન થયું.

☼ ☼ ☼ ☼



## ૨૪. વિધવિધ રૂપે

વિધવિધ રૂપે હે યોગેશ્વર, જાણું તમને ભાવથી,
વંદુ વ્હાલા વ્હાલ ધરીને, પ્રણામ પ્રભુજી પ્રેમથી....

આનંદકંદ છો જીવન કેરા, સ્નેહસિંધુ પ્રભુ આપ છો,
જીવનધન છો મારા સાચે પથપ્રદર્શક પ્રાણ છો...વિધવિધ

માવડી બનીને અધવચ આવી લીધી ઉગારી પ્રેમથી,
યુવાની મહીં બની દીવાની ભેટ ધરી પ્રભુપંથની... વિધવિધ

દિવ્ય લોકથી આવી માડી દિવ્યરૂપે દર્શન દઈ,
દિવ્ય અંકમાં સ્થાન ધરીને દિવ્ય કૃપા વરસાવતી... વિધવિધ

શ્યામલ કૃષ્ણ બનીને આવે કદી કદી જીવન મહીં
મધુર ભાવની મૂર્તિ ન્યારી જીવન ધન્ય બનાવતી... વિધવિધ

ગુરૂ બનીને આવી ઊભી પ્રેમળપંથ બતાવતી,
ધ્રુવતારક જીવનધન બનતાં જ્ઞાનેશ્વર ગુરૂ માવડી... વિધવિધ

વિધવિધ રૂપમાં કૃપા કરી તે ઉપકારો નવ ભૂલતી,
જન્માંતરની સર્વ સાધના ચરણે અર્પુ સ્નેહથી... વિધવિધ

પ્રાર્થના સૂણી આજે મારી જન્માંતર સાથી બની,
પ્રેમદીવાની દઈ બનાવી સમાવ શ્રી ચરણો મહીં... વિધવિધ

☼ ☼ ☼ ☼

## ૨૪. રચના સમયના મનોભાવો

સમર્થ સંતને ચરણે જીવન સોંપાયું ત્યારે સંતવિભૂતિ સાધકના જીવનમાં મા બનીને, કૃષ્ણ બનીને, ગુરૂ બનીને આવી પહોંચી. તેણે કેવા અલૌકિક ઉપકારો કર્યા તેનું વર્ણન કરી એના શ્રી ચરણે જનમ જનમની સાધના ધરી દેવાની અને સંતસ્વરૂપે પ્રભુ પધાર્યા છે તો એ પ્રભુના ચરણે સમાઈ જવાની ભાવના જાગી ગઈ.


☼ ☼ ☼ ☼

## ૨૫. આવ્યો મોહન

આવ્યો મોહન કૃષ્ણ મુરારી,
જપની માળા લીધી સ્વીકારી...

અંતર આંગણિયામાં ઊભી,
રાહ જોતી હું શ્યામલ તારી,
મીઠી મધુરી મુરલી વગાડી,
પાપ ત્રિતાપથી લીધી ઊગારી..... આવ્યો મોહન

આલિંગન અંતરનું આપી,
કર્મગ્રંથિઓ દીધી કાપી,
કામણ કીધાં રાસ રમાડી,
ધન્ય બનાવી જીવન વાડી.... આવ્યો મોહન



વિદેશની અવનવી ભૂમિ પર,
વ્રજમંડળને દિવ્ય ઉતારી,
મસ્ત બનાવી ધન્ય બનાવી,
પરમ ધામની પ્રાપ્તિ કરાવી...... આવ્યો મોહન

☼ ☼ ☼ ☼

## ૨૫. રચના સમયના મનોભાવો

જીવનમાં પ્રભુની કૃપા ઊતરે ત્યારે સાધકનાં કર્મબંધનો તૂટી જતાં જણાય છે. નામસ્મરણથી પ્રભુએ કૃપા કરી, જીવનને ધન્ય ને મસ્ત બનાવી દીધું. તેવા સંતોષી અને તૃપ્ત જીવનની ઝાંખી અહીં જોવા મળે છે.

☼ ☼ ☼ ☼


## ૨૬. આવોને મંદિરિયે

આવોને આજે મંદિરિયે,
શ્યામલ ગિરિધારી....

પ્રભુપ્રેમની માળા અર્પી,
સ્વાગત કર્યું સર્વ સમર્પી,
મારા જીવનવન વનમાળી રે ...શ્યામલ

શ્રદ્ધાનો દીપ જલાવી,
ભક્તિની ભરતી જગાડી,
સ્નેહભીની સાદડી ઢાળી રે...શ્યામલ

પરભવની પ્રીત જગાડી,
બડભાગી મસ્ત બનાવી,
મારા જનમજનમના સાથી રે...શ્યામલ



☼ ☼ ☼ ☼

## ૨૬. રચના સમયના મનોભાવો

ભક્તના પવિત્ર પોકારો સાંભળીને ભગવાન દોડી આવે છે. ભક્ત અનોખી રીતે ભગવાનનું સ્વાગત કરે છે. એ અનુભૂતિ જ્યારે જીવનમાં જાગી ઊઠી ત્યારે પ્રભુને આ રીતે સત્કારી જીવનને ધન્ય બનાવ્યું.

☼ ☼ ☼ ☼

## ૨૭. સ્વીકાર


બંધ બારણે ટકોરા મારીને,
શ્યામે લીધી સ્વીકારી...

કેટકેટલા દિનોથી પોકારતી હું,
કીધી કસોટી ભારી....શ્યામે...

મૌનમંદિરનો સાદ સંભળાયો,
આવ્યો અલખ જગાડી...શ્યામે...

જીન્દગી સોંપી શ્રી ચરણે એના
નિશ્ચિંત બનતાં મ્હાલી....શ્યામે...

અણુએ અણુમાં આનંદ હેલી,
મસ્ત બનીને નાચી....શ્યામે...



☼ ☼ ☼ ☼

## ૨૭. રચના સમયના મનોભાવો

મૌનમંદિરમાં થયેલી પ્રાર્થનાઓ જ્યારે સંભળાવા લાગી ત્યારે જીવનમાં આનંદ છવાઈ ગયો. કેટલાયે દિવસોની કસોટી બાદ મનોકામના પૂર્ણ થઈ ત્યારે કોને મસ્તી ના ચઢે?

ભગવાન શ્રી કૃષ્ણે સંપૂર્ણપણે સ્વીકારી લીધી છે એ ઘટના જ્યારે સત્ય બનીને સામે આવીને ઊભી રહી ત્યારે જીવન નિશ્ચિંત બની ગયું.

એવી પરમ ધન્ય પળોમાં આ ગીત રચાયું.

☼ ☼ ☼ ☼


## ૨૮. બલિહારી

યોગેશ્વર ચરણની બલિહારી,
એની વાત ખરેખર છે ન્યારી...

જીવન ઘડતરની એ શાળા,
તોડે બંધનના તાળાં... યોગેશ્વર

પ્રગટ પ્રભુની શીતળ છાંયા,
છોડાવે ઝંઝટ માયા... યોગેશ્વર

ગુરૂગોવિંદ તણા સથવારે,
મુક્તિ મળે મંગલ દ્વારે... યોગેશ્વર



પ્રભુપ્રેમની પુનિત પરબડી,
પામી કાયા ધન્ય બની... યોગેશ્વર

સંગ સ્વર્ગસુખ દૈવી આપે,
અજ્ઞાન તિમિરને કાપે... યોગેશ્વર

☼ ☼ ☼ ☼

## ૨૮. રચના સમયના મનોભાવો

શ્રી યોગેશ્વરજીની છત્રછાયા ૧૯૭૯ના ડિસેમ્બરથી સ્થૂળ રીતે શરૂ થઈ, તે પહેલાં વરસો સુધી સૂક્ષ્મ રીતે એ મારા જીવનનાં પથદર્શક ને પ્રેરક બની રહ્યાં હતાં.

સ્થૂળ સાંનિધ્ય પામ્યા પછી શ્રી યોગેશ્વરજીની શીતળ છાયામાં શું શું પામી શકાયું, અને એ ચરણો કેવાં કેવાં અલૌકિક કાર્યો કરે છે તેની રૂપરેખા આ ગીત દ્વારા વ્યકત થઈ.

☼ ☼ ☼ ☼

## ૨૯. સારથિ બનીને

સારથિ બનીને જીવન મારું ચલાવજે વ્હાલથી રે,
વિનંતિ વ્હાલ ધરીને કરું છું વ્હાલા આજથી રે.....

ભૂલી ભટકતી ભાવે ભરેલી, તરવાને ભવજળને આવી,
પ્રભુ દ્વારે જાકારો ના કદી આપજે રે......સારથિ...

પાપ તાપ ક્ષણમાં જ સમાવી, સુધા છલેલી છાયા ઢાળી,
થાક મટાડી, શાશ્વત શાંતિ આપજે રે....સારથિ....

હિમગિરિ જેવી શ્રદ્ધા ભરજે, પ્રેમ-ભક્તિથી પાવન કરજે,
પ્રભુપંથે પ્રતિદિવસ ચલાવજે પ્રેમથી રે...સારથિ...

તને જ જપતી, તને જ સ્મરતી, તને જ વાતો દિલની કરતી,
સખી બનીને સાંભળજે સ્નેહે વાતડી રે.....સારથિ....

☼ ☼ ☼ ☼

## ૨૯. રચના સમયના મનોભાવો

જીવનમાં સાચી સમજ પ્રગટી. સર્વેશ્વરનું શરણું લેવાની દ્રઢ ભાવના જીવનમાં વણાઈ ગઈ. આ સંસાર-સાગરને એકલે હાથે સદગુરૂની કૃપાથી તરી જવાની તમન્ના જાગી ઊઠી.

ત્યારે અંતરથી જીવન પ્રભુને સોંપી દીધું. આજ સુધી અનેક ભકતોની જેણે સંભાળ રાખી છે તે જ પ્રભુ મારી પણ સંભાળ રાખશે. મને પણ શ્રદ્ધાભક્તિથી સંપન્ન કરશે, શાંતિ પણ ધરશે.

મારા જેવી અજાણ પ્રવાસીને પ્રભુ સખી બનીને સંભાળશે, સાંભળશે. એવી શ્રદ્ધા સાથે પ્રભુના ચરણે આ રીતે ભાવોની અભિવ્યક્તિ થવા લાગી.

☼ ☼ ☼ ☼

## ૩૦. મોહન મેં દીઠો રે

મોહન મેં દીઠો રે, મધથી મીઠો.....

સંતસ્વરૂપે એક શ્યામ મેં દીઠો,
અમૃતથી યે અદકો, યોગેશ્વર નામ ધરતો.....મોહન..

કામારપુકુરમાં રામકૃષ્ણ બનતો,
કાલડીમાં શંકરાચાર્ય, લુલુમ્બીમાં બુદ્ધ.......મોહન....

આલંદીમાં એ જ્ઞાનેશ્વર બનતો,
ભારતનો ભવતારક, સરોડામાં પ્રગટ્યો...મોહન....

જે જે તપે તેને છાંયડો દેતો,
એવો એ શીતળ છાંયો, પ્રશાંતિ દેનારો...મોહન....

જે જે ભજે તેને ભાવથી ભેટતો,
ભક્તોની ભીડ ભાંગનારો, ભક્તોને છે વ્હાલો....મોહન....

☼ ☼ ☼ ☼

## ૩૦. રચના સમયના મનોભાવો

શ્રી યોગેશ્વરજીમાં શ્યામસુંદરની ઝાંખી થવા લાગી. ત્યારે તેમનામાં રહેલી વિશેષતાઓને વાગોળવાનું સ્હેજે મન થાય.

શ્રી યોગેશ્વરજી જેવા સમર્થ સંતપુરૂષ પ્રભુનું પ્રગટ સ્વરૂપ છે. પણ એમની પાસે પહોંચવા સાધક પાસે પવિત્ર પ્રભુપ્રેમની મૂડી જરૂરી બને છે. એમના સાન્નિધ્યને પામવા માટે દિનરાત આંસુના અભિષેક અર્પવા પડે છે. કપરી કસોટી કરીને અંતે ભક્તને ન્યાલ કરી દે છે. એ રીતે શ્રી યોગેશ્વરજી પણ સાચા સાધકને સફળતાને શિખરે પહોંચાડી દે છે. એ અનુભવમાંથી પસાર થવાનું બન્યું ત્યારે આ ભાવના જીવનમાં વણાઈ ગઈ.

☼ ☼ ☼ ☼




## ૩૧. પ્રેમના રંગે

તેં જ મને રંગી રે, પ્રભુ પ્રેમના રંગે...

સંસારી વાટે જાતી એકલડી,
પુનિત પંથ બતાવી, જીવન પલટાવી......કે તેં જ મને ..

નવજીવનની વાટે ઊભો રહી,
જાણે તું વાટ જુએ મારી, શ્યામલ ગિરિધારી... કે તેં જ મને...

ક્ષણભર તેં મને પાસે બોલાવી,
પ્રભુ પ્રેમે મસ્ત બનાવી, પ્રસન્ન પૂર્ણ કીધી... કે તેં જ મને....



મીઠી મધુરી વાતલડી કીધી,
વૃત્તિઓને વાળી લીધી, પ્રભુ ચરણે મને રાખી.... કે તેં જ મને...

પ્રભુતણા પ્રેમની મસ્તી જગાડી,
સંસારની ચારી છોડાવી, ને એકરૂપ કીધી.... કે તેં જ મને....

☼ ☼ ☼ ☼

## ૩૧. રચના સમયના મનોભાવો

આઘાતો-પ્રત્યાઘાતોની વચ્ચે પણ સ્થિરતા આપીને પ્રભુના પંથ પર કોઈ અદ્રશ્ય શક્તિએ મને ઘેરી લીધી. જાણે પ્રભુ જ મારી વાટ જોતા ઊભા હોય એવું લાગ્યું. પ્રભુએ મને નિરાશાઓમાંથી ઉગારી લઈને પ્રસન્નતા બક્ષી. સંસારની એ વિકટ પગદંડી ઉપરથી પ્રભુની પવિત્ર કેડી ઉપર મને પ્રેમથી મૂકી દીધી. પ્રભુએ મને એમનામાં જાણે કે સમાવી લીધી. એવા ભાવો અંતરમાં જાગ્યા ત્યારે તે આ રીતે અક્ષરદેહ પામી શક્યા.

☼ ☼ ☼ ☼


## ૩૨. હીચકે ઝૂલવા

હીંચકે ઝૂલવા આવો મારા વ્હાલા,
પ્રેમે પાથરણાં પાથર્યા રે.....

એકલી અટૂલી ઝુલૂં છું હીંચકે,
આવને અલબેલડા આજે રે... હીંચકે

રોજ રોજ વ્હાલા એક જ કહેવું,
આવીને બેસ મારી પાસે રે.... હીંચકે

સાનમાં સમજી લેને જરી શામળા,
છાનો માનો આવજે સાચે રે..... હીંચકે



મીઠી મધુરી વાતલડી માંડવા,
પાસે આવીને વિરાજજે રે.... હીંચકે

પ્રેમના બંધન પ્રેમે સ્વીકારી,
વેળાસર આવજે વ્હાલા રે.... હીંચકે

સ્નેહની રેશમ દોરે ઝૂલીશું,
શ્યામસુંદર તારી સાથે રે..... હીંચકે

રાધા કદી જો આવે તને તેડવા,
બેસાડીશું એને સાથે રે..... હીંચકે

રાધાની સંગે શોભે મારો શામળો,
અવિનાશી અલબેલો રે... હીંચકે

☼ ☼ ☼ ☼

## ૩૨. રચના સમયના મનોભાવો

મૌનમંદિરમાં પૂ. શ્રી મોટાએ દરેક ઓરડામાં હીંચકાની વ્યવસ્થા કરી છે. દરરોજ સવારે હીંચકા ઉપરની ગાદીને વ્યવસ્થિત કરીને ધોયેલી ચાદર પાથરવાની હોય છે.

એ ક્રિયા સમયે દરરોજ વિચાર આવતો કે દરરોજ હીંચકો તૈયાર કરું છું તો તેની ઉપર શું મારે એકલીએ જ ઝૂલવાનું ?

હીંચકા ઉપર બેસનારા સર્વશ્રેષ્ઠ સાથીદાર તરીકે શ્યામને બોલાવીને તેની સાથે બેઘડી સુખદુઃખની વાતો કરીએ. એવી ભાવસૃષ્ટિમાંથી મૌનમંદિરમાં આ ભાવના સ્ફૂરી.


☼ ☼ ☼ ☼

### 33. કા'નને

કા'ન જરી આવને મારી પાસ,
રીસામણાં છોડને આજે ...

મનાવું છું મન મૂકીને મોહન
મીઠી મુરલી વગાડતો આવ...રીસામણાં...

રાધા ગોપીને વળી મીરાંને લાવજે,
બાળ ગોપાલને લાવજે સાથે,
આવજે નંદ યશોદાના લાલ...રીસામણાં



સવારથી કા'ન તને બોલાવતી,
પહેરીને આવજે પ્રેમની પાવડી,
પ્રસન્ન મન મારું રાખવા કાજ....રીસામણાં

ક્યાં હશે રમતો જાણું કશું ના,
પોકારું છું પ્રભુ પ્રેમથી તને હા,
આવને જ્યાં હો ત્યાંથી આજ....રીસામણાં

☼ ☼ ☼ ☼

## ૩૩. રચના સમયના મનોભાવો

આ જીવનમાં સ્વજનો, સ્નેહીઓ, સર્વ છે. એક પ્રભુની જ ખોટ છે. તો પછી એને જ બોલાવવો જરૂરી છે. એમ માનીને એને બોલાવવાની ચેષ્ટા શરૂ થઈ.

પ્રભુ જો તું રીસાયો હોય તો રીસ છોડીને મુરલી વગાડતો, પ્રેમથી સાથીઓને સંગાથે લાવીને અહીં આવ. મને પ્રસન્નતા ધર. જ્યાં હોય ત્યાંથી મારો સાદ સાંભળીને તું આવ.

☼ ☼ ☼ ☼

### ૩૪. રામ તમે ઘનશ્યામ

રામ તમે ઘનશ્યામ તમે છો, શાંતિ પ્રદાયક બુદ્ધ છો,
યોગેશ્વર જ્ઞાનેશ્વર રૂપે, દીનબંધુ દીનાનાથ છો ... રામ તમે

પ્રણામ પ્રભુજી પ્રભાતે કરું, તમને પૂરણ પ્રીતથી
લઈ લક્ષમાં આજ પ્રાર્થના, આશિષ દો નિજ રીતથી...રામ તમે

બુદ્ધિ શુદ્ધ કરોને મારી, વૃત્તિ શ્રી ચરણે ધરો,
શંકા સર્વ ફગાવી દોને, શ્રદ્ધા ભક્તિને ભરો....રામ તમે

જીવનકેરા પુણ્ય પ્રવાસે મીઠી પરબ બનો તમે,
પ્રભુ પ્રેમનાં પાણી પાજો તરસ્યા અંતરના અમે....રામ તમે.

તપ્ત બનેલી જીવનવાટે વડલો શાંતિ તણો બનો,
છાયામાં ક્ષણભર રાખીને, થાક હરો જીવનતણો....રામ તમે

પથભ્રાંત જીવનને માટે પ્રકાશને પ્રગટાવજે,
ખાડામાં પગ પડે કદી તો આવી સદ્ય ઉગારજો....રામ તમે.

વિપત્તિની વર્ષા વરસે તો સહવાનું બળ આપજે,
કરો કસોટી ભલે અમારી આવી પાર ઉતારજો....રામ તમે

સુખદુઃખમાં સંગાથે રહેજો, નામસ્મરણ સાથી બનો,
સ્વપ્ને પણ ના ક્યાંય ભૂલીએ, એવી આશિષ આપજો....રામ તમે

☼ ☼ ☼ ☼

## ૩૪. રચના સમયના મનોભાવો

હે પ્રભુ, અંતરને સંપૂર્ણ શુદ્ધ કરી દો. જીવનની દુર્ગમ કેડી વચ્ચે અમે ભાંગી પડીએ, પડી જઈએ, પથભ્રાંત બની જઈએ, નિરાશ થઈ જઈએ, દુઃખી બની જઈએ, તો પ્રભુ તમે સર્વ પ્રકારે અમને સહાયક બનજો. સતત તમારું સ્મરણ રહે એવા આશીર્વાદ માંગતા, પ્રભુને પ્રણામ કરનાર સાધકની આ અવસ્થામાંથી પસાર થવાનું બન્યું ત્યારે આ પ્રાર્થના થઈ.

☼ ☼ ☼ ☼

### ૩૫. મારો સ્વજન બન્યો

મારો સ્વજન બન્યો શામળિયો,
    પેલો નંદકુંવર મનગમતો....

કુળમાંહી વિરોધ જગાવે, મમતાનાં બંધન કાપે,
    એ રીતે પ્રભુ પ્રતિ વાળે, અવનવી કૃપા વરસાવે....મારો....

પ્રભુ માર્ગે મદદ કરે છે, તે સ્વજન ગણાયે સાચે,
    એવો સ્વજન બન્યો પ્રભુ પોતે, આનંદની હેલી આજે....મારો...

સુખદુઃખ સંભળાવું એને, ઠામ મળ્યું ઠરવાનું એ,
    દિવ્યરૂપ ધરી સંભાળે, મારી જીવનનાવ ચલાવે....મારો....

દિવ્યદેહે કાર્ય કરે છે, ભક્તોને નિત રક્ષે છે,
    કોઈ જુએ ના જુએ એને, કાયમ સંગાથ રહે છે....મારો....

☼ ☼ ☼ ☼

## ૩૫. રચના સમયના મનોભાવો

પ્રભુપંથે જેમ જેમ આગળ વધાયું તેમ તેમ પ્રભુ ફક્ત મંદિર, તસ્વીર, મૂર્તિમાં જ નહીં પણ મારો સ્વજન બનીને જાણે મારી સાથે જ રહે છે એવું અનુભવવા મળ્યું. એ મારી સાથે જ રહેવા લાગ્યો છે એવું સમજીને એને જ મેં મારા સુખદુઃખ પણ કહેવા માંડ્યા.

વિરોધના વંટોળો પ્રભુ પ્રતિ કૃપા વરસાવનારા લાગ્યા. દિવ્ય દેહ ધરીને સાચા શરણાગતને પ્રભુ રક્ષે છે. પોતાના પ્રિય સ્વજનરૂપે તે જીવનમાં પધારે છે. અનૂભૂતિનો એ રણકાર આવા પદોમાં વ્યક્ત થાય છે.

☼ ☼ ☼ ☼


## ૩૬. સાહેલી મેં દીઠી

સાહેલી મેં દીઠી રે સંતસ્વરૂપમાં ... (૨)

જીવનવાટ ત્રિતાપથી ભરેલી,
　　　　પ્રભુની પરબ ત્યાં દીઠી.....સાહેલી....

પ્રભુની પરબ પર સંત સાહેલડી,
　　　　મધથી મીઠી એવી દીઠી...સાહેલી....

પૂર્વ જન્મની પ્રીતડી જગાડી,
　　　　પ્રીતથી પ્રસન્ન મને કીધી....સાહેલી....



સંજીવની શિવસ્નેહની પીવાડી,
　　　　સમર્પિત થઈ જીંદગાની....સાહેલી....

પાનખર પામેલા જીવનબાગની,
　　　　માલણ બનીને આવી...સાહેલી...

પ્રભુપ્રેમના પદ્મ પુષ્પ પ્રગટાવી,
　　　　ઋતુરાજ રૂપ ધરી આવી...સાહેલી....

વિવિધ વેશ ધરી વ્હાલ વરસાવતી,
　　　　વિજોગણ બનીને આજ બેઠી...સાહેલી...

જીવનસખી બની બેઠી યોગેશ્વરી,
　　　　ચૂડી ને મૂડી બની મારી....સાહેલી....

☼　☼　☼　☼

## ૩૬. રચના સમયના મનોભાવો

શીતલતા, પ્રસન્નતા, શાંતિ, મધુરતા, સ્થિરતા, જીવનમાં એક એવા સ્થાન ઉપર સામાન્ય રીતે અનુભવવા મળતાં હોય છે તે સ્થાન માતાનું હોઈ શકે. તે સ્થાન મિત્રનું હોય શકે. તે સ્થાન પ્રભુનું હોઈ શકે. પ્રભુને મા રૂપે ભજવાનું બન્યું તો વળી પ્રભુ મારા શ્રેષ્ઠ મિત્ર છે. પ્રભુ મારા સંતસ્વરૂપે શ્રેષ્ઠ સાહેલી છે એવું પણ અનુભવ્યું.

સર્વભાવે સર્વપ્રકારે ભજીને પ્રભુને પ્રત્યક્ષ કરવાની ઝંખના જાગી ત્યારે પ્રભુએ સખી બનીને મને શું શું આપ્યું એની સપષ્ટતા અહીં થઈ શકી.

જીવનસખી જીવનની મૂડી બની ગઈ.

☼ ☼ ☼ ☼



### ૩૭. જીવનવાટે

જીવનવાટે મળ્યા છે મુરારી,
  જીવન એને ધરીએ રે.....

જીવનવાટે આવી એક ઝુંપડી,
  એમાં બેઠા છે સંત સુજાણ...જીવન...

નિયમો નીતિના પાળીને પહોંચીએ,
  પ્રભુનું લેતા જઈએ નામ...જીવન....

શ્વેત વસ્ત્રો શોભે એના અંગે રે,
  સુખસાગર શાંત સ્વરૂપ...જીવન....

સૂર્યતેજ નીતરતું અંગે રે,
  ચાંદની ચંદ્રની વદને રેલાય...જીવન....

મધુર મુખ પ્રસન્ન પ્રભુ જેવું,
  જોતાં જીવન ઝૂકી જાય....જીવન....

જ્ઞાનગંગા વહે એની વાણીમાં,
  પગલાં પાડે ત્યાં તીર્થ મંડાય....જીવન....

એ તો દર્શન કરે નિત બ્રહ્માનાં,
  પોતે બની ગયા બ્રહ્મા સ્વરૂપ...જીવન....

સર્વ દેવો વસે એના દેહમાં,
  ચરણે સઘળાં તીર્થ સમાયા....જીવન....

નામ ધાર્યું યોગેશ્વરજી એણે,

એને આંગણે મુક્તિ વેચાય...જીવન...


સાચા સંત મળ્યા સદભાગીને,
એને સેવ્યાથી ભવરોગ જાય...જીવન...

સોંપી દઈએ સુકાન એને સ્નેહથી,
એ તો ઉતારે ભવજળ પાર...જીવન....

તર્ક વિતર્કો છોડીને સઘળા રે,
એની છાયામાં મ્હાલીએ આજ....જીવન....

સાચા સંતોની સંગત ન્યારી રે,
ગુરૂકૃપાએ અનુભવી સાચ....જીવન...

સાચી વાત સૂણો મારી સાહેલી,
સંત ચરણે મળે સુખસાર....જીવન....



☼ ☼ ☼ ☼

## ૩૭. રચના સમયના મનોભાવો

પવિત્ર જીવનની વાટે પ્રભુનું પ્રત્યક્ષ સ્વરૂપ પણ ઘણીવાર અપ્રગટ બનીને પ્રેરક બનતું હોય છે. પણ તેને ઓળખવું અતિ કઠીન છે. માનવ સ્વરૂપ ધરીને જ એ સ્વરૂપ આપણી પાસે સંતના રૂપે આવતું હોય છે. તો એવા માનવરૂપધારી પ્રભુને પામવા માટે સંતનું શરણું લેવું જરૂરી છે. સંતચરણે પ્રભુને પામી શકાય છે. એવો અનુભવનો રણકાર આ પદમાં જોવા મળે છે.

☼ ☼ ☼ ☼

## ૩૮. સાચો મિત્ર

મારો સાચો મિત્ર તું બનજે, વિનતિ મારી કાને ધરજે.....

જીવનમાંહી એક છે મારો સાચો મિત્ર તું,
મિત્ર બનીને દોરજે મુજને ભૂલ કરું જ્યાં હું....મારો...

સાધનાની પગદંડીએ ચઢતા પગ જો પાછા પડે,
હિંમત પ્રેરણા દઈને વ્હાલા રસ્તે ચઢાવ મને....મારો....

સુદામાનો સાચો મિત્ર બન્યો હતો એકવાર,
એ જ સગપણ રાખીને વ્હાલા આવજે મારી પાસે....મારો....

પ્રેમભાવે તે કીધાં કામો મીરાં ને દ્રોપદીના,
પ્રેમ ધરીને આવજે એમ જ મારા જીવનમાં...મારો....

અંધકાર જો ઘેરી વળે તો આવજે દીપ બની,
મૌન ન રહેતાં સાદ કરજે વ્હાલા શ્રીહરિ...મારો....

ઉતરી પડું હું ખાડે કદી તો સંરક્ષક બનજે,
સ્મરણ કરતાં સન્મુખ રહેજે હાથ લંબાવીને...મારો....

જ્યારે જ્યાં જ્યાં મળવા માંગુ ત્યાં ત્યાં તું પ્રકટી,
દૈવી શાશ્વત સાથને દેજે સાચો મિત્ર બની...મારો....

☼ ☼ ☼ ☼

## ૩૮. રચના સમયના મનોભાવો

વિવિધ ભાવે ભજવાનું શરૂ થયું ત્યારે પ્રભુને મિત્ર બનાવવાની ઈચ્છા થઈ. પ્રભુને પ્રેમથી પલાળી લઈએ. પોતાનો બનાવી દઈએ. મિત્ર બનીને સદા પાસે રાખી લઈએ. જેથી જીવનની દરેક પળ તેનો સહયોગ મળી રહે. વળી એ સંરક્ષક બનીને સાચો દિવ્ય સાથી પણ બની શકે એવી ભાવના પ્રભુ આગળ આ રીતે વ્યક્ત કરી શકાય.

☼ ☼ ☼ ☼

## ૩૯. ગોપાલને

ગોપાલ પ્રગટો આજ, ગોપાલ પ્રગટો આજ.....

અધૂરી અથડાતી બાળ હું ચંચળ ને નિરાધાર વળી,
ગુરૂચરણમાં સ્થિરતા દઈને
આશરો દેજે નાથ પ્રભુ....ગિરિધર...શ્રી ગોપાલ...

સકળ વિશ્વના સગા સ્નેહીમાં સાચું સગપણ તારું પ્રભુ,
સંસારેથી જગાડી મુજને
સાચો સ્વજન બન્યો ત્યારથી તું...હે સ્વજન...સ્થિરતા દે

તારા ચરણમાં અડસઠ તીરથ ગંગા જમના વાસ કરે,
તારા દિવ્ય દેહમાં વ્હાલા
કોટી દેવતા ક્રીડા કરે....તીર્થરાજ...દર્શન...દે...

જીવનનાં પાપો ધોવાને આવી છું તારે તીર્થે,
કોટી દેવતા દર્શન કરવા
આવી એક નિમિત્તે હું...શુદ્ધિ દઈ....દર્શન...દે...

અંતરના ભગવદ્ ભાવેથી ચરણ સરોજ પખાળું પ્રભુ,
ચરણામૃતનું પાન કરીને
ધન્ય બનું સંપૂર્ણ વિભુ.....ભાગ્ય દે....જીવને...

☼ ☼ ☼ ☼

## ૩૯. રચના સમયના મનોભાવો

પ્રભુ માર્ગે જવું એ પ્રભુની કૃપા વિના સંભવતું નથી. પ્રભુમય જીવનનો નિર્ણય દ્રઢ બન્યો ત્યારે મારી તો કોઈ યોગ્યતા નથી એવું સ્પષ્ટ ભાન થયું. ચંચળતાને દૂર કરી સ્થિરતા આપી, સાચા સ્વજન બનીને મારી સર્વ પ્રકારે શુદ્ધિ કરો, અંતે પ્રગટો ને દર્શનનું સદભાગ્ય દો, એવી વિનંતિ આ રીતે થઈ શકી.


☼ ☼ ☼ ☼

## ૪૦. ગુરૂદેવ પ્રભુને

મારા શ્રી ગુરૂદેવ પ્રભુ,
પૂરા પ્રેમ ભાવે નમું...

મારાં પાપ ને તાપને બાળો હવે,
મારાં કામ ને ક્રોધ નિવારો તમે,
મારી વૃત્તિને વાળો પ્રભુ...પૂરા...

નામ સ્મરણે વેગ વધારો જરી,
ચારુ ચરણોની મસ્તી જગાડો ફરી,
મારાં દેવ દયાળુ પ્રભુ....પૂરા.....



કરુણા વરસાવી પાસે રાખો મને,
દિવ્ય દર્શન નિત નવાં આપો તમે,
દિવ્ય જીવન બનાવો પ્રભુ....પૂરા....

મારાં તાત ને માત બનો શ્રી હરિ,
મારાં સ્વજન સખા સ્વામી બનજો વળી,
જીવન સર્વસ્વ બનજો પ્રભુ.....પૂરા....

☼ ☼ ☼ ☼

## ૪૦. રચના સમયના મનોભાવો

જીવનમાં રહેલી સર્વ અશુદ્ધિઓને હે પ્રભુ, દૂર કરી દો. નામસ્મરણને જીવંત બનાવી મસ્ત બનાવી દો. સર્વસંબંધે પ્રભુ જીવનને દિવ્ય બનાવો. એવા ભાવોમાંથી આ ભાવના અક્ષરદેહ પામી.

☼ ☼ ☼ ☼


## ૪૧. મારી જીવનનૌકા સોંપી

મારી જીવનનૌકા સોંપી શ્રી યોગેશ્વર ને હાથે,
જગકેરા નાથ ચલાવે, ચિંતા ના લેશ સતાવે....મારી જીવનનૌકા

પ્રતિકૂળ પવન ફૂંકાયે, વિકરાળ તરંગ સતાવે,
મારી નાવ સલામત સાચે, ગુરૂદેવ પ્રભુને હાથે...મારી જીવનનૌકા

વર્ષાના વાદળ વરસે, ચપલાઓ કાયમ ચમકે,
અંધારું ઘેરી વળશે, પણ નાવ અભયતા ધરશે...મારી જીવનનૌકા

પ્રભુપંથે આગળ બઢશે, બીજાને મારગ ધરશે,
પ્રભુને પામીને ઠરશે, કૃતકૃત્ય જિંદગી કરશે....મારી જીવનનૌકા



☼ ☼ ☼ ☼

## ૪૧. રચના સમયના મનોભાવો

પ્રભુને સમર્પણ કરી દીધું ત્યારે એક દ્રઢ શ્રદ્ધા પણ હૃદયમાં જાગી ઊઠી કે યોગેશ્વરજી જેવા જીવનનૌકાના નાવિક છે પછી મારે ચિંતાની શી જરૂર? મારી જીવનનાવ વિરોધોના વંટોળો વચ્ચે પણ નિશ્ચિંત બનીને જીવનધ્યેયને પામી શકશે એવો અચળ વિશ્વાસ જીવનમાં આવી ગયો.

☼ ☼ ☼ ☼

## ૪૨. અરજ


પ્રભુ મારી અરજ સૂણી લેને આજે રે,
દર્શન દેવા આવજે રે...

સાધનાની સીડીએ તેં જ ચઢાવી મને,
સીડી પર અધવચ્ચ આવીને હું ઊભી રે....

કામ ને ક્રોધને અળગા કરી દેને,
આલોકિત કરી દેને સાધનાની વાટે રે....

સિદ્ધિના રમકડે રમવું નથી મારે,
અણુએ અણુથી માગું છું મોહન એક રે,

ગગન અટારીથી ઊતરી આવજે રે,
સ્નેહભાવે ભેટજે આવીને ઘનશ્યામ રે.



☼ ☼ ☼ ☼

## ૪૨. રચના સમયના મનોભાવો

સાધનાની પગદંડીએ પગલાં ભરતાં સાધકે સાવધાન-સતત જાગ્રત રહેવું પડે છે. થોડી ઘણી સાધના થાય ત્યાં સિદ્ધિનાં રમકડાં પ્રભુ સાધકને આપી દે છે. એ રમકડાંની રમતમાં સાધક પ્રભુને ભૂલી જાય છે.

અહીં મારે પણ સાધનાની સીડીએ ચઢવું છે. પણ સિદ્ધિનાં રમકડાં સાથે રમવું નથી. મારે તો પ્રભુ જ જોઈએ છે. તો પ્રભુ દર્શન આપી મને આલિંગન આપી ધન્ય બનાવે એવી વાતો અહીં જણાવી છે.

☼ ☼ ☼ ☼

## ૪૩. લેને તારે શરણે

વ્હાલા લેને તારે શરણે કરગરી કહું છું તને,
વ્હાલા વિલંબ ન શોભે તને, કસોટી શાને કરે....

પ્રેરણા તેં જગાડી તો આવી તારા પંથમહીં,
સંતાઈને કરે છે શું, દોડી આવ અહીં....વ્હાલા લેને...

અજાણી, અટૂલી એકલડી બેઠી આ મંદિરિયે,
પ્રભુપંથે પકડો બાંય યોગેશ્વર માત હવે....વ્હાલા લેને...

માવડી બનીને પધારી તો શોભે શું આવું રે ?
તારા બાળની જાશે લાજ વધારે શું ગાવું....વ્હાલા લેને....

દયા લાવીને દીનદયાળી દિવ્યરૂપે આવ જરી,
મારી જીવનનૌકા ચલાવ, આવકારું વ્હાલ ધરી....વ્હાલા લેને.....

☼ ☼ ☼ ☼

## ૪૩. રચના સમયના મનોભાવો

જીવનમાં પ્રથમવાર મૌનએકાંતનો લાભ લેવાનું બન્યું ત્યારે આ પ્રાર્થના થઈ. એકલવાયા જીવનમાં પ્રથમ વાર એક સૂનકાર છવાયો તો ત્યાં શ્રી યોગેશ્વરજીને વિનંતી કરી કે હે મા, તું મારા જીવનને સંભાળી લે. તારી પ્રેરણાથી જ આ પંથ સ્વીકાર્યો છે. હવે વિલંબ શા માટે કરે છે ?

☼ ☼ ☼ ☼

## ૪૪. સમર્પિત જીવન

વ્હાલા તારે ચરણે ધર્યું જીવન મારું રે,
હવે ચિંતા કર્યે શું વળે જીવન બન્યું તારું રે.... વ્હાલા

તું સુઝાડે ને તું જ કરાવે જપ તપ સાધનને,
તારી લીલા અપરંપાર પાર પમાયે શે...... વ્હાલા

તારા નામે જીવન ઝૂકાવ્યું તો તેં ગણ્યું તારું રે,
માડી બનતાં અંકે લીધું કૃતાર્થ કર્યું ન્યારું રે... વ્હાલા

☼ ☼ ☼ ☼

## ૪૪. રચના સમયના મનોભાવો

મૌનમંદિરમાં પ્રભુની કૃપાથી જવાનું બનતું ત્યારે ત્યારે સહજ વિચાર આવતો કે આ એકાંતસેવન કોણ કરાવે છે ? આ માર્ગે જપતપ કરવાની પ્રેરણા કોણ આપે છે ?

સર્વસમર્થ સદગુરૂને શ્રી ચરણે જીવન ધર્યું તો તે જ આપણા જીવનને સંભાળે છે. પછી ચિંતા જ ક્યાં રહી ? નિશ્ચિંત બનીને પ્રભુને શ્રી ચરણે બેઠાનો સંતોષ અહીં વ્યક્ત થયો છે.

☼ ☼ ☼ ☼

## ૪૫. વિનંતિ

મારા દિલડાના મહાદેવ, પધારો દિલમંદિરમાં આજ.

રાજ રાજેશ્વર દેવ દેવેશ્વર લેજો અંકે બાળ,
માવડીરૂપે પ્રેમે પધાર્યા તો તેડી લો તારણહાર... મારા

સંસારની ઝંઝટને છોડાવી તેડી લો સત્વર પાસ,
હવે વધુ ના તલસાવો મુજને લઈ લો યોગેશ્વર નાથ.... મારા

જીવનભરની પૂજા સ્વીકારો ચરણે સમાવો નાથ,
પ્રેમનાં પૂષ્પો શ્રદ્ધાના દીવડા અર્પું છું પ્રભુ આજ... મારા

અણધાર્યા અધવચ્ચે પધાર્યા અલખ નિરંજન નાથ,
આવ્યા છો તો ક્યાંયે જશો ના, વિનંતિ સૂણજો નાથ.... મારા

☼ ☼ ☼ ☼

## ૪૫. રચના સમયના મનોભાવો

જીવનમાં પ્રથમવાર જ જ્યારે મૌનમંદિરમાં બેસવાનું બન્યું ત્યારે સૂક્ષ્મ સાથીદાર તરીકે પ્રભુ જ સાથે હતો. તેને મારા જપતપની પૂજા સ્વીકારવા, મને શ્રી ચરણે સ્વીકારવા અને દર્શન આપીને ક્યાંયે પણ ના જવાની વિનંતી કરવામાં આવી હતી.

☼ ☼ ☼ ☼


## ૪૬. માગણી

કૃષ્ણા તારી પાસે માગું એટલું રે
પળપળ રહેવું છે તારી પાસ....કૃષ્ણા...

ભિક્ષુક બની આવી તારે આંગણે રે,
દર્શનની ભિક્ષા લેવા કાજ....કૃષ્ણા...

શ્રદ્ધાભકિત ભરજે જીવમાં રે,
તારાં દર્શન કરવા કાજ....કૃષ્ણા...

દુનિયાની ચારીને છોડાવજે રે,
તોડજે સંસારિયાની જાળ...કૃષ્ણા...



કામ ને ક્રોધનાં કપડાં કઢાવજે રે,
પ્રેમની ચૂંદડી પહેરાવજે નાથ...કૃષ્ણા....

મનની મેલી આવી તારે આંગણે રે,
પ્રેમથી પાવન બનાવજે રાજ....કૃષ્ણા....

પૂર્ણ પ્રેમી બનાવીને લઈ જજે રે,
તારા દિવ્ય ધામની માંહ્ય......કૃષ્ણા....

અવનવાં દર્શન નિત્ય કરાવજે રે,
તારી સમીપે રાખજે નાથ...કૃષ્ણા....

મીઠી વાંસલડી સંભળાવજે રે,
વાંસળીના સૂરે રમાડજે રાસ....કૃષ્ણા...

☼ ☼ ☼ ☼

## ૪૬. રચના સમયના મનોભાવો

પૃથ્વી ઉપર પધારીને જો કોઈ પાસે ભિક્ષા જ માંગવાની હોય તો પરમેશ્વર પાસે જ શા માટે ન માંગવી.

પરમેશ્વર પાસે પણ એવું માંગીએ કે તેને પણ આપતા આનંદ થાય.

સર્વોત્તમ વસ્તુ જ માંગી લેવાનું મને પણ મન થયું. જેથી ભગવાન કૃષ્ણ પાસે પ્રેમની ચુંદડી, પવિત્રતા, શ્રદ્ધાભક્તિનું ભાથું, દિવ્યધામમાં જઈને નિત્યનવા દર્શનનું જ સુખ માંગી લીધું.

એ બધી સર્વોત્તમ માંગણીનો પડઘો આ પદમાં પડ્યો છે.

☼ ☼ ☼ ☼


## ૪૭. ગુરૂદેવ યોગેશ્વર પ્રભુ

ગુરૂદેવ યોગેશ્વર પ્રભુ,
નમું છું સદાયે સ્નેહથી.... ગુરૂદેવ

મારાં પાપ તાપ નિવારજો,
પ્રભુ વરદ હસ્તે વધાવજો,
આ જીવ શરણે આજ આવ્યો,
અનુગ્રહે ઉદ્ધારજો...ગુરૂદેવ...

જીવનતણા સઘળા સંબંધો,
આપમાંહી સમાવજો,
અન્યત્ર ક્યાંય ન જાય જોજો,
વાળજો તવ ચરણોમાં.....ગુરૂદેવ....

પ્રિય માત, તાત, સખા, સ્વજનને,
સ્વામી બનજો આજથી,
સર્વે સ્વરૂપે આવજો,
સર્વે સંબંધ સ્વીકારજો....ગુરૂદેવ....



સર્વે દિશાએ પ્રભુ મને,
આદર થકી અપનાવજો,
શ્રદ્ધા ને ભક્તિભાવ ભરતાં,
પાત્ર પૂર્ણ બનાવજો....ગુરૂદેવ...

☼ ☼ ☼ ☼

## ૪૭. રચના સમયના મનોભાવો

ભક્ત ભગવાનને શરણે જાય છે ત્યારે પોતે કેવો છે તેનું સ્પષ્ટ વર્ણન કરી દે છે. વળી ભગવાનને વિનવે પણ છે. તમે મારા જીવનના સર્વ સગપણને સ્વીકારજો અને એથી પણ આગળ વધીને ભક્ત કહે છે, મને માનપાન સાથે સંપૂર્ણ રીતે અપનાવી લેજો. એ રીતે શિષ્ય-ભક્ત-સાધક ભગવાનને પોતાના માનીને હૃદય ઠાલવતો હોય છે.

શ્રી યોગેશ્વરજી મારા જીવનમાં ગુરૂદેવ છે. પણ હવે તે ગુરૂદેવ જાણે પ્રગટ પ્રભુ જ છે. સાકાર સ્વરૂપે મારે માટે પધારેલી એ પ્રભુની જ મૂર્તિ છે. એવું અનુભવવા મળ્યું છે.

પરિણામે ગુરૂદેવ પ્રભુના શ્રી ચરણોમાં જેવો પણ જીવ છે તેવો તેને શ્રદ્ધાથી ભરજો, અપનાવજો, સ્વીકારજો ને અંતે વધાવી લઈ તમારામાં જ સમાવી લેજો એવી પ્રાર્થના આ પદ દ્વારા થઈ.

સુંદર રાગનું એક ભજન લખો એવી એક સાધક બહેનની માંગણીમાંથી અંતરના આ ભાવો આ રીતે અક્ષરદેહે ઊતરી આવ્યા.

☼ ☼ ☼ ☼

## ૪૮. વ્યથા

વ્યથા વ્હાલમને જઈને કહેજો રે કોઈ,
વિરહાગ્નિ વરસે વ્હાલમ વેળાસર આવો.... વ્યથા

સાન્નિધ્ય વિના જીવન સુનું રે ભાસે,
મંગલ મહોત્સવ કરવો તમને રે છાજે.... વ્યથા

વચનો કીધાં દૈવી ભાવે ભરેલાં,
સત્ય કરી દો આજે કૃપાળુ દેવા..... વ્યથા

વ્હાલની વેણ વ્હાલમ કેમે વિસારું,
કર જોડી કહું છું તમને શોભે શું આવું.... વ્યથા

નટખટ નંદનવન છોડીને આવો,
રોમે રોમે વગાડો પ્રેમનો પાવો.... વ્યથા

દિવ્ય દર્શન મુજને સત્વર દેજો,
દિવ્ય સંનિધિ આપી પાસે રે લેજો... વ્યથા

☼ ☼ ☼ ☼

## ૪૮. રચના સમયના મનોભાવો

ભક્તિભાવ જાગતાં ભક્ત ભગવાન વિના બીજું કશું જ ઝંખતો નથી. ભગવાનનો વિરહ અસહ્ય બને છે. રાતદિવસ ભક્તનું હૈયું આક્રંદ કરી ઊઠે છે.

એવી અવસ્થામાંથી પસાર થવાનું બન્યું ત્યારે આ પ્રાર્થના થઈ ગઈ. કોઈકની સાથે પ્રભુને સંદેશો મોકલવાનું મન થયું. દિવ્ય દર્શન અને સતત દિવ્ય સાન્નિધ્યની ભાવના આ પ્રાર્થના દ્વારા પ્રભુને પહોંચાડવામાં આવી.

☼ ☼ ☼ ☼


## ૪૯. ગુરુદેવને અરજ

ગુરૂદેવને ચરણે અરજ ધરું,
તનમનથી શ્રી ચરણોમાં વસું..... ગુરૂદેવને ચરણે

પવિત્રતા તનમનમાં જાગો,
ભક્તિભાવ રમવા લાગો...... ગુરૂદેવને ચરણે

જગ જંજાળ વિસારી દોને,
અલખની ધૂન જગાડી દો... ગુરૂદેવને ચરણે

ધૈર્ય સ્થૈર્ય હિંમત પ્રગટાવો,
અચલ બનાવો આગે બઢાવો... ગુરૂદેવને ચરણે



સર્વ સ્થળે ને કાળે રક્ષો,
શીતળતા વળી શાંતિ બક્ષો.... ગુરૂદેવને ચરણે

☼ ☼ ☼ ☼

## ૪૯. રચના સમયના મનોભાવો

પ્રભુપંથે પ્રગતિ કરવા શ્રી ગુરૂદેવનો સથવારો જરૂરી છે, એમ જણાયું ત્યારે શ્રી ગુરૂદેવને પ્રાર્થના થઈ કે પૂર્ણ પવિત્રતા, ભક્તિ, હિંમત, સ્થિરતા, ધીરજ આ માર્ગે અમને આપો અને જીવનને શીતળતા તથા શાંતિથી ભરી દો.

☼ ☼ ☼ ☼

## ૫૦. સ્નેહનો સાદ

આવ મારા શ્યામ તને, બોલાવું સવારમાં,
ઊઠતાની સાથે વ્હાલા, સાદ કરું શ્યામ રે.....આવ....

દાતણ કરવા આવજે મારા, શ્યામસુંદર આજે રે,
દાતણ કરતાં દર્શન પામું, દામોદર તારાં રે......આવ...

પ્રેમના પાણીથી પ્રીતમ, સ્નાન કરીશું સાથે રે,
પ્રેમની ચૂંદડી પહેરીને, પીતાંબર પહેરાવું રે...આવ....

અવનવા શણગાર, સ્નેહથી સજાવીશું,
શણગાર સજી વ્હાલા, આસનીયે બેસીશું.....આવ.....

પ્રાર્થના કરવાને પ્રીતમ, પલાંઠી તું વાળજે,
પાસે બેસીને સંભળાવજે, પ્રેમના પોકાર રે...આવ....

સ્મરણની મસ્તી માંહી, તાલ દેજે ત્રિકમ રે,
આંખડી ઉઘાડું ત્યારે, સામે ઊભો રહેજે રે...આવ....

સુખદુઃખ સૂણજે તું, સ્નેહ ધરી મારા રે,
સુખે દુઃખે સાથે રહેજે, રાધિકાના પ્યારા રે....આવ....

ભોજન બનાનું ત્યારે, ભળજે ભગવાન રે,
કણકણમાં કૃષ્ણ તું, કામણ ભરજે ન્યારાં રે....આવ....

જીવન જંગ જીતવાને, જાશું જાદવ સાથે રે
વિજયવંતા કરશે અંતે, શામળિયાજી સાચે રે...આવ....

કામ કરજે કૃષ્ણા મારું, કદમ ભરજે આગે રે,

ધર્મ સત્કર્મે વ્હાલા, સદા રહેજે સાથે રે.....આવ....

સ્નેહ સૂના સદન મારાં, સ્નેહથી સંભારે રે,
અંતરની ઓરડીઓ, આલાપે છે સાચે રે....આવ...

રોમરોમ ઝંખે મારાં, શ્યામ તને ભેટવા,
ભાવથી ભેટજે મુજને, ગોપીજનના પ્યારા રે....આવ...

☼ ☼ ☼ ☼

## ૫૦. રચના સમયના મનોભાવો

નિત્યક્રમ મુજબ એક સવારે પ્રભુને પ્રણામ કરતાં દિવસની પ્રત્યેક પ્રવૃત્તિમાં પ્રભુનો સાથ મળે તો કેવું, એવી ઝંખનામાંથી આ પ્રાર્થના થઈ શકી.

પ્રીતમદાસનું, સૂતા ઊઠતાં શામળીયાજી તાન તમારી સાથે જો, એ પદને ગાવાનું મને વિશેષ ગમતું. એ પદની જ ભાવનાઓ જ્યારે જીવનમાં જાગૃત બની ત્યારે મેં પણ પ્રભુ પાસે પ્રત્યેક પ્રવૃત્તિમાં પૂર્ણ હાજરી માંગી લીધી.

આ પ્રાર્થના લખાયા પછી એ ગાવાની મસ્તી એવી ચઢી કે કલાકો સુધી ગાયા જ કર્યું. આખા દિવસ દરમ્યાન પણ એ પંક્તિઓ મનમાં સતત ચાલ્યા જ કરતી. ઘણા દિવસો સુધી એ નિત્યની પ્રાર્થના બની ગઈ. આ પ્રાર્થના દ્વારા દરરોજ પ્રભુને જે કહેવાનું છે, જે કાંઈ એમની પાસે માંગવાનું છે તે પૂર્ણ થઈ જતું.



☼ ☼ ☼ ☼

## ૫૧. આરતી

ગુરૂદેવ હે યોગેશ્વરજી વંદન હો બહુનામી,
યુગે યુગે પૃથ્વી પર પ્રગટ્યા સકળ જગતના સ્વામી...ગુરૂદેવ....

હિમાલયમહીં પ્રેમે વસતાં પ્રીત પુરાતન જાગી,
વિવિધ દર્શનો કર્યા અનેરા, બન્યાં પ્રભુ બડભાગી...ગુરૂદેવ...

મૌન વ્રતો ઉપવાસ કરીને કાયાને કૃશ કીધી,
પ્રભુના પ્રેમતણી પ્યાલીને પરીપૂર્ણપણે પીધી....ગુરૂદેવ....

માતાને સંગાથે રાખી તપના સાક્ષી કીધાં,
સેવાનો આદર્શ સ્થાપીને કૃતકૃત્ય કરી દીધાં.....ગુરૂદેવ....

બુદ્ધ બનીને શાંતિ દીધી શંકરરૂપે આવ્યા,
રામકૃષ્ણ વળી જ્ઞાનેશ્વર બની મોક્ષમંત્રને લાવ્યા....ગુરૂદેવ....

દેશવિદેશે સંસ્કૃતિ કેરો વિજયધ્વજ ફરકાવી,
ગૌરવ વધાર્યું ભારતમાનું અમે જઈએ વારી.....ગુરૂદેવ....

પ્રેમ પોકારો સુણી અમારા કૃપા કરી દો ભારી,
દૈવી દર્શન અર્પો અમને કરો જીન્દગી ન્યારી...ગુરૂદેવ.....

અવગુણસાગર અમે છતાંયે પડ્યા ચરણમાં આવી,
સારથી બનો જીવનકેરા વિનંતિ શીશ નમાવી...ગુરૂદેવ.....

☼ ☼ ☼ ☼

## About the author



Spiritual heir of Shri Yogeshwarji, Maa Sarveshwari was born on November 13th, 1943 in a small village, Kapura near Vyara in Southern Gujarat. Born to a rich yet religious farmer's family, she was youngest of six kids of Kalidas and Bhikhiben. After her school education, she moved to Surat for further studies. She graduated in Arts with flying colors and received 'Umashankar Joshi Gold Medal' for her outstanding achievement in Gujarati language. After completing her studies, she started as a teacher at Sadhana Vidya Bhavan, Surat where she later became Principal.

It was December of 1970, when she first met Shri Yogeshwarji. In no time, she recognized him as her spiritual master. Her pre-birth *samskaras* changed the course of her life and she began her journey on the divine path. Active and timely guidance from her Guru Yogeshwarji increased her enthusiasm manifold and she was encouraged to stay often at the *Maun Mandir* (Temple of silence).

With utmost passion and zeal, she devoted all her time after spiritual advancement. Her spontaneous conversation with the Divine took the form of melodious *Bhajans.* Later on, 'Arghya' marked the publication of her first collection of Bhajans followed by another entitled 'Anjali'.

During the South India tour with Shri Yogeshwarji, She was blessed by an extraordinary *diksha* (spiritual initiation) at Shrishailam. Thereafter, her spiritual progress became unhindered and her life became subtly changed and charged. In 1979, by the command of Mother Goddess, Yogeshwarji gave her a new name 'Maa Sarveshwari' and thereafter she became known by her present name.

November 9, 1979 marked the turning point in her life when Shri Yogeshwarji had a fatal heart attack and was admitted to hospital. Without any hesitation, she resigned from her post of Principal and forever decided to be at the service of her Guru. With her sincere service and prayers, Yogeshwarji recovered. Thereafter she stayed with Yogeshwarji. She accompanied him in India as well as abroad to USA, UK, Canada and South

Africa on spiritual mission and actively contributed there with her performance of Yoga and her melodious bhajans.

On March 18th, 1984 Yogeshwarji left his physical body but she steadfastly continued to worship him. Devotees looked at her as a spiritual heir of Yogeshwarji. She proved her mettle in an extraordinary way. She left taking food grain from that day yet took charge of all activities and began managing it in her own superb way.

She not only fulfilled the dream of her Guru, but exceeded everyone's aspiration by building a magnificent complex at Ambaji on the land selected by Shri Yogeshwarji. Today, Swargarohan is abuzz with manifold benevolent activities like medical camps, eye operations, food giving, cloth giving, etc under her active guidance and utmost involvement.

A living legend, Maa Sarveshwari is an idol of devotion and love. Her blessed vision is enough to fill one’s mind with peace and divine joy.

☼ ☼ ☼ ☼



For more information
On the life & works of
Maa Sarveshwari



Please visit

**www.swargarohan.org**